Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી સિદ્ધાચળજી સ્તવન.... ( ઝ૦ છ૦ સુરવાડા. ) .... | ૧૨૫ |
| ૨ | મથુરાનો કંકાલીટીલો. (અનુવાદક મુનિરાજશ્રી દર્શનવિજયજી.).... | ૧૨૬ |
| ૩ | શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ( આત્મવલ્લભ ) .... .... | ૧૩૧ |
| ૪ | જ્ઞાતિ અને તેનો ઉદય. .... (કલ્યાણભાઈ દલસુખભાઇ ઝવેરી બી. એ.) | ૧૩૬ |
| ૫ | સેવા-ધર્મના મંત્ર. .... ( વિઠ્ઠલદાસ મૂ૦ શાહ. ) .... | ૧૪૦ |
| ૬ | વર્તમાન સમાચાર, સ્વીકાર સમાલોચના. .... .... .... | ૧૪૪ |
| ૭ | આ સભાની વર્તમાન સ્થિતિ. .... .... .... .... | ૧૪૫ |
| ૮ | મુનિવિહારથી થતા લાભો. .... .... .... .... | ૧૫૩ |



## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે:પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિતાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત, અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે જણાવેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે. કિં. રૂ ૧-૧૨-૦

લખો:—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષ સન્મુખ લઇ જાય છે. કિં. પોણા બે રૂપૈયા

લખો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


ભાવનગર ધી " આનંદ " પ્રાન્ટીંગ પ્રેસમાં—શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४६७. पौष. आत्म सं. ३९. { अंक ६ ट्ठो.

## શ્રી સિદ્ધાચલજી સ્તવન.

( રાગ—લાવણીનો, દેશી–નગર ધુલેવા મંડનસ્વામી. )

સિદ્ધાચલ સ્વામી શિવગામી, રિષભદેવજી જિનરાયાજી;
ધરીયે ધ્યાન પ્રીતે ભવિ પ્રાણી, સમતા ધરી શુભ છાયાજી. ૧
ગિરિપતિ ગુણગાતાં ગિરિ ધ્યાતાં, ભય સઘળા દૂર થાવેજી;
રિદ્ધિ સિદ્ધિ આત્મ તણી જે, દેખે નિજ પદ પાવેજી. ૨
રાજ ચૌદમે તીર્થ ન એ સમ, વદે જિનેશ્વર સ્વામીજી;
જગ જન સિદ્ધ અનંત ગયા ત્યાં, સ્વામી થયા વિશરામીજી. ૩
યુગાદિ જિન આગે ઇણગિરિ, મીલી સુરાસુર આવેજી;
ગર્વ છોડી ગાવે ગુણ જિનવર, આતમ ઉચ્ચ બનાવેજી. ૪
આદિ જિન મૂર્તિ અવિકારી, દિઠે આનંદ થાવેજી;
દિઠે દુર્ગતિ દૂર નિવારે, નાથ પ્રભુજી પ્રભાવેજી. ૫
દેવ પ્રથમ એ પ્રથમ મુનિનૃપ, થયા ભવિ તુમ માનોજી;
વદે ઝવેર પ્રભુનો બાળક, જિન ઉત્તમ જગ જાણેજી. ૬

ઝ૦ છ૦ સુરવાડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મથુરાનો કંકાલીટીલો.

( મૂળ લેખક—ચંદ્રચૂડ ચતુર્વેદી. )

મથુરામાં કંકાલીટીલો નામની એક પુરાણી ભૂમિ છે. તેની પાસે એક મંદિર છે જેમાં એક બહુ જ જુનો નકસીદાર પત્થરનો સ્તંભ છે જેનું નામ **કંકાલીદેવી** છે. આ નામના અનુસારે પાસે રહેલ માટીના ઢગવાલી ભૂમિનું નામ **કંકાલીટીલો** ( જુના ખંડેરોના વિનાશથી થએલ માટીનો ઢગલો ) કહેવાય છે. આ સ્થાન મથુરાથી નૈઋત્યમાં આગ્રા અને ગોવર્ધન તરફ જતી સડકોની વચમાં છે. આ ટીલામાંથી બે હજાર વર્ષથી પણ અધિક પુરાણાં **જૈન મંદિરોના** અવશેષો નીકળ્યા છે તે અવશેષો સ્તુપ તોરણ આયાગપટ ( સમ્માન સૂચક ફલક ) ખાંભા, ખાંભાની ઉપરના ભાગ, પાટ છત્ર, મૂર્ત્તિ વિગેરે સ્વરૂપમાં છે. જે ટીલામાંથી આશરે ૧૧૦ શિલાલેખ પણ નિકળ્યા છે. આ લેખો તથા પુરાણા પદાર્થોથી જૈન ધર્મ સબંધી અનેક નવીન બાબતોનો ખ્યાલ થયો છે; આથી એ પણ નક્કી થયું છે કે જૈન ધર્મ તે બૌદ્ધ ધર્મની શાખા નથી—

> પુરાતત્વ વિષયક શોધખોળથી આપણે આપણા દેશની પ્રાચીન સભ્યતા અને કારીગરી સંબંધે ઘણું જાણી શકીએ છીએ. કંકાલીટીલામાંથી મળતી ચીજોથી એ સિદ્ધ થાય છે કે જૈન ધર્મ ઇ. સ. પૂર્વે પાંચસો વર્ષે ભારતમાં હતો, અને ખૂબ ઉન્નતિશીલ હતો. આ લેખમાં લેખક મહાશયે મથુરાના કંકાલી ટીલામાંથી નીકળેલ મૂર્ત્તિઓ વિગેરેનો અતિ સુંદર પરિચય કરાવ્યો છે.
>
> **તંત્રી, સરસ્વતી.**

તે એમાંથી નીકળ્યો નથી. ઇ. સ. પૂર્વે દોઢસો બસો વર્ષ પહેલાં પણ મથુરામાં જૈન મંદિર હતા. આ ધર્મની દિક્ષા સ્ત્રીઓ પણ લેતી હતી; તથા જૈન ધર્મના આચાર્યો સ્થાને સ્થાને વ્યાખ્યાનો આપી લોકોને જૈનધર્મ તરફ ખેંચતા હતા.

કંકાલીટીલો ( માટીનો ટેકરો ) ૫૦૦ ફુટ લાંબો અને ૩૫૦ ફુટ પહોળો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંના નિવાસીઓ તેને ખોદી ખોદી ઘણા વખતથી જુની ઈંટો કાઢતા હતા, પહેલ વહેલાં જનરલ કનિંગહામનું ધ્યાન તેના તરફ ગયું. તેણે ઈ. સ. ૧૮૭૧ માં ટેકરાના એક ભાગને ખોદી પુરાણી વસ્તુઓ કાઢી. ઇ. સ. ૧૮૭૫ માં મથુરાના કલેકટર પ્રસિદ્ધ ગ્રાઉજ સાહેબે તે ખોદ્યો, તેને પણ અહીંથી ઘણી વસ્તુઓ મળી. ઇ. સ. ૧૮૮૭ થી ૧૮૯૬ સુધી ડો. બર્જેસ અને ડો. ફુહરરેએ આ ટેકરાપર અનેકવાર ખોદકામ ચલાવ્યું અને તેની અંદરથી ખોદીને અનેક વસ્તુઓ મેળવી. કનિંગહામને જેટલા શિલાલેખો મળ્યા છે તેમાંથી કેટલાક લેખો બહુ પ્રાચીન છે, કેટલાક લેખોપર કનિષ્ક, હવિષ્ક તથા વાસુદેવના નામો મળે છે.

આ ટીલાને ખોદતાં ડો. ફુહરરને વિશેષ સફળતા મળી છે. આ સાહેબ લખનઊના અજાયબઘરના અધ્યક્ષ પણ હતા, તેમજ પુરાતત્વવિષયક શોધખોળનું કામ પણ કરતા હતા. તે ઈ. સ. ૧૮૯૮ માં ગવર્મેંટની નોકરી છોડીને આ દેશમાંથી ચાલ્યા ગયા છે; તેણે ઇ. સ. ૧૮૮૯ માં ગવર્મેંટપર પુરાતત્વ સંબંધી જે રીપોર્ટ મોકલ્યો હતો તેમાં કંકાલી ટીલામાંથી મળેલ અનેક વસ્તુઓનું વર્ણન છે.

જેમાંથી કેટલાકના નામ અમો નીચે આપીએ છીએ.

૧ શ્વેતાંબર તીર્થંકરોની ૧૦ મૂર્ત્તિઓ તેની પર લેખ પણ છે, જે પૈકીના ચાર લેખો તો એવા છે કે જેનાથી જૈન ઇતિહાસની કંઇક વિશેષ પરિસ્થિતિ માલુમ પડે છે.

૨ શ્વેતાંબર જૈનના એક વિશાળ મંદિરના ૩૪ ટુકડા કે જે હવિષ્ક રાજાના કાળના છે.

૩ ભ૦ મહાવીરની એક મૂર્ત્તિ જેની ચારે બાજુ ૨૩ તીર્થંકર છે.

૪ સં. ૧૦૩૬ તથા ૧૧૩૪ માં બનેલ પદ્મપ્રભુની બે મૂર્ત્તિઓ છે.

૫ પહેલી શતાબ્દિમાં બનેલા બોધિસત્વ અમોઘ સિદ્ધાર્થની એક મૂર્ત્તિ (બૌદ્ધ).

૬ નાચનારીનો એક પુરાકદની મૂર્ત્તિવાળો એક થાંભલો.

૭ બુદ્ધની ૧૦ મૂર્ત્તિઓ લેખ સહિત.

૮ એક અતિશય સુંદર ચાર ફુટના વ્યાસ ( ઘેરાવા ) વાળું પત્થરનું છત્ર.

આ ટીલામાંથી જૈન તથા બૌદ્ધ એ બન્ને ધર્મો સાથે સબંધ રાખનારી વસ્તુઓ મળી છે માટે એ ચોક્કસ છે કે મથુરામાં જૈન તથા બૌદ્ધ એ બન્નેનું પ્રાબલ્ય હતું.

ઇ. સં. ૧૮૮૯-૯૦ માં જ્યારે જૈન સ્તૂપ તથા દિગંબર જૈન મંદિરનું ખોદકામ થયું ત્યારે જૈન તીર્થંકરોની ૮૦ મૂર્ત્તિઓ નીકળી તેની સાથે જ પાષાણની પાટ્યોના ૧૨૦ ટુકડા નીકળ્યા છે. ઘણા શિલાલેખો મળ્યા; જે પૈકીના ૧૭ લેખ અતિ પ્રાચીન છે. કિંતુ એ કરતાં વિશેષ કામ ઇ. સ. ૧૮૯૦-૯૧ માં થયું. આ વર્ષમાં નીકળેલ વસ્તુઓમાંથી કેટલીકનો ઉલ્લેખ નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ પત્થરના ૭૩૭ ટુકડા જેની ઉપર ઘણું જ સુંદર કામ થએલ છે જેમાં પાટયો, ચૌખુટ, થાંભલા, તોરણુ, દરવાજા અને મૂર્ત્તિઓ વિગેરેનો સમાવેશ થાય છે.

૨ તેમાં ૯૨ ટુકડા એવા છે કે જેની પર લેખ ખોદાએલ છે, આ લેખો ઇ. સ. પૂર્વે ૧૫૦ વર્ષથી પ્રારંભીને ઈ. સ. ૧૦૩૨ સુધીનાં છે.

૩ તેમાં એક લેખ તો એવો છે કે જેની લીપિ ઉપરોક્ત લેખથી પણ જુની છે, જે ઇ. સ. પૂર્વે ૧૫૦ વર્ષની અગાઉ ખોદાએલ છે. આ લેખ એક મંદિરનો છે જેમાં મંદિર કરાવનારનું પણ નામ છે. આથી એ સિદ્ધ થાય છે કે મથુરામાં ઈ. સ. પહેલાના સેંકડો વર્ષ પહેલા જૈન મંદિર હયાત હતા, તેની ઉપરની કારીગરી એ સિદ્ધ કરે છે કે શિલ્પકળા આ દેશમાં બે અઢીહજાર વર્ષ પહેલાં ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત કરી ચુકી હતી.

૪ એક બીજો લેખ મળ્યો છે જે એક મૂર્ત્તિની ડાબી બાજુ ખોદેલ છે. તેમાં લખેલ છે કે આ મૂર્ત્તિ ઇ. સ. ૧૫૬ ની લગભગમાં સ્થાપેલ હતી અને તે એક એવા **સ્તૂપ** ઉપર હતી કે જેને **દેવોએ** બનાવ્યો હતો. આથી એ સમજી શકાય છે કે જ્યારે આ શિલાલેખ ખોદાયો ત્યારે આ લેખમાં સૂચિત કરેલ સ્તૂપ થયાને એટલાં વર્ષો વ્યતીત થયા હતા કે ત્યાંના મનુષ્યો તે સ્તૂપના કરનારને તથા તે સ્તૂપની બનાવટના કાળને બિલકુલ ભૂલી ગયા હતા. સૌભાગ્યની વાત છે કે તે સ્તૂપ પણ મળી આવ્યો છે. ખોદતાં ખોદતાં ઈ. સ. ૧૮૯૦ માં તે સ્તૂપ પણ નીકળ્યો છે.

આ સંયોગોમાં પૂરાતત્વના જાણકારોએ એવું અનુમાન કર્યું છે કે આ સ્તૂપ ઇશુખ્રિસ્તની પૂર્વે અનેક શતક પહેલા બન્યો હતો. આથી સંભવ છે કે આ ઇમારત આર્યાવર્તમાં વિશેષ પ્રાચીન હશે.

ડો૦ કુહરરે ઇ. સ. ૧૮૯૫ માં પણ આ કંકાલી ટેકરાનું ખોદકામ કરી અનેક વસ્તુઓ કાઢી છે. જેમાંથી તીર્થંકર મહાવીરની એક પુરાકદની મૂર્તિમાં સં. ૨૯૯ નો એક લેખ મળ્યો છે. આ સંવત કુશનવંશી કનિષ્ક હુવિષ્ક તથા વાસુદેવ વિગેરે રાજાઓનો છે. આ સંવતનો પ્રારંભ અત્યાર સુધી ઇ. સ. ૭૮ માં થયાનું મનાતું હતું અને લોકો સમજતા હતા કે તેને કનિષ્કે ચલાવેલ છે. કિંતુ જ્યારથી આ શિલાલેખ મળ્યો ત્યારથી વિદ્વાનોનો તે મત બદલાઇ ગયો છે. અત્યારે એવી માન્યતા છે કે આ સંવત ઇ. સ. પૂર્વે ૫૦ માં શરૂ થયો હશે,

ડો. કુહરરે કંકાલી ટેકરાના લેખો પ્રસિદ્ધ પદાર્થોની પ્રતિલીપિ તથા ચિત્ર વિગેરે સદ્ગત ડો. બુલ્હર પાસે મોકલેલ છે. તેણે આ દરેક ચિત્રો તથા લેખને એપિ ગ્રાફીઆ ઇંડિકામાં પ્રસિદ્ધ કર્યો છે અને તેણે તદ્વિષયક વિદ્વત્તાપૂર્ણ લેખો પણ લખ્યા છે. આ લેખો તથા ચિત્રોથી જૈનોના ઇતિહાસ તથા ધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક બાબતો ખ્યાલમાં આવે છે. હિંદુસ્તાનની પ્રાચીન વર્ણમાળા જુની ભાષાઓ તેનું વ્યાકરણ શિલ્પકળા રાજકીય તથા સામાજિક વ્યવસ્થા વિગેરે બાબતોનો ઘણો પરિચય આથી મળે છે. જે શિલાલેખો અહીં મળ્યા છે તે ઇ. સ. પૂર્વે ૫૦ થી આરંભીને ઇ; સ. ૧૦૫૦ સુધીના છે અર્થાત તે દ્વારા ૧૧૦૦ વર્ષનો ઇતિહાસ પ્રાપ્ત થાય છે. કેટલાક લેખો એવા છે કે જેમાં કોઇ સંવત નથી જે ઇ. સ, પૂર્વે ૫૦ વર્ષથી વિશેષ જુનો છે. પત્થરની ઉપર કરેલ કામ આ દેશની શિલ્પકળા સાથે સંબંધ રાખે છે, પરંતુ કેટલાકનો મત છે કે આ શિલ્પમાં પારસ આસીરીઆ અને બાબુલની કારીગરીની થોડી ઘણી અસર છે (ઝલક છે) આ ટેકરામાં જે વસ્તુઓ મળી છે તે જૈન ગ્રંથોમાં લખાએલ બાબતોને દૃઢ કરે છે અર્થાત્ જે કથાઓ જૈન ગ્રંથોમાં છે તે ચિત્રો અને મૂર્ત્તિઓના આકારમાં અહીં ખોદેલી છે. વળી એકવાત સિદ્ધ થાય છે કે જૈન **એ અતિ પુરાણો** ધર્મ છે. આ ધર્મના અનુયાયીઓ બે હજાર વર્ષ પહેલાં પણ ૨૪ તીર્થ-કરોમાં વિશ્વાસ કરતા હતા. આ ધર્મ ઘણું કરીને તે સમયે પણ એવોજ હતો કે જેવો અત્યારે છે. ગણ કુલ અને શાખાના વિભાગો ત્યારેજ થઇ ગયા હતા; સ્ત્રીઓ સાધ્વીનું જીવન સ્વીકારીને ઉપદેશ દેતી હતી તે સમયે ધર્મી મનુષ્યોમાં એનો આદર હતો.

કંકાલી ટેકરામાં જે જુની વસ્તુઓ મળી આવી છે તે દરેક વિશેષ કરીને લખનઊના અજાયબ ઘરમાં રાખી છે. ડા, ફુહરરે તેમાંથી મુખ્ય મુખ્ય વસ્તુનો ફોટો ઉતારી એક પુસ્તક લખવાનો વિચાર રાખ્યો હતો, પરંતુ તે પેહેલાં જ તે સરકારી નોકરીથી છુટા થઇ ગયા. આ કારણે આ પ્રાંતના ભૂતપૂર્વ **નાનાલાટ** સર મેકડાનલે એ કામ બી. એ સ્મીથ સાહેબને સુપ્રત કર્યું. તેણે આ કામ કર્યું, કિંતુ જેણે આ વસ્તુઓનો સંગ્રહ કર્યો હતો અને તેના ફોટા ઉતાર્યા હતા તેજ સાહેબ જો આનું વર્ણન લખત તો કોઇ અનેરો પ્રકાશ પાડત. બીજાએ મેળવેલ સાધનો પરત્વે લેખ લખવો એ કઠિન કાર્ય છે. પરંતુ ફરીપણ **સ્મીથ** સાહેબે કંકાળીટીલામાંથી પ્રાપ્ત થએલ વસ્તુઓની આલોચના લખી સુંદર કામ કરેલ છે. આ કામમાં તેને બાબુ પૂર્ણચંદ્રજી મુકરજીએ પણ થોડી ઘણી સહાય કરી છે. સ્મિથ સાહેબના સચિત્ર પુસ્તકને ગવર્મેંટે ઇ. સ. ૧૯૦૧ માં પ્રકાશિત કરેલ છે. વિષયના ક્રમ પ્રમાણે તેના ૨૩ ભાગ છે. જેમાં ૧૦૭ ચિત્ર છે. આ પુસ્તકની સહાયથી અમે પ્રસ્તુત લેખ તૈયાર કર્યો છે.

તે પુસ્તકમાં જે વસ્તુઓના ચિત્ર છે તે પૈકીની બે ચાર વસ્તુઓનો ટુંક પરિચય આપી અમો આ લેખને સમાપ્ત કરવા ઇચ્છીએ છીએ.

**૧ આયાગપટ** આ એક પત્થરનો ચોરસ ટુકડો છે. તેની મધ્યમાં એક તીર્થંકરની મૂર્તિ છે. તેની ચારે બાજુ એકદમ ઉત્તમ પ્રકારનુ નકશીદાર કામ છે. જૈનો પ્રાચીનકાળમાં જૈન મંદિરમાં તીર્થંકરોના સન્માન માટે આવા આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટ લગાવતા હતા. આ પટની નીચે પ્રાચીન લીપિ ( પુરાણા અક્ષર ) વાળો એક લેખ છે જેની શૈલી આ પ્રમાણે છે.

नमो अर्हतानां सिहकस वानिकस पुत्रन कोसिकि पुत्रेण ।
सिंहनादिकेन आयागपटो प्रति थापितो आर्हन्त पूजायै ॥

આ લેખ પ્રાકૃત ભાષામાં છે તેનો ભાવાર્થ એ છે કે જેનો પિતા સિંહ નામે વણિક છે અને જેની માતા કૌશિકી છે તે સિંહનાદિક અથવા સિંહ નંદિકે આરહંતોની પૂજા તથા સન્માન માટે આ આયાગપટ સ્થાપિત કર્યો છે.

**૨ લાલપત્થરનું છત્ર.** આ રીતે અખંડિત છે એમાં પત્થર પર જે કામ કર્યું છે તેને જોઇને મન પ્રફુલ્લિત થાય છે. અનુમાન થાય છે કે આ કોઇ મૂર્તિની ઉપર લાગવાનું હશે.

**૩ દરવાજાની બાજુ.** મથુરાની પશ્ચિમ તરફ ૭ માઇલ દૂર રહેલ મોરમથી ગામના ખંડેરોમાંથી આ મળેલ છે. તેની ઉપરનું કામ પણ જોવાલાયક છે.

**૪ સૂર્યની મૂર્તિ**–જે બેઠકપર આ મૂર્તિ છે તેની બનાવટ ઘણી સુંદર છે. મૂર્તિના દરેક હાથમાં કમળનું ફુલ છે. આ મૂર્તિ કંકાલી ટેકરામાંથી મળી નથી કિંતુ કેસવજીના મંદિરમાંથી મળી છે.

**૫ નટી**–આ એક નાચનારીની પુતળી છે–એક નગ્ન બાલિકાની ઉપર અર્ધનગ્ન દશામાં ઉભી છે.

**૬ ખાંભા**–કંકાલી ટેકરામાંથી અનેક પ્રકારના ખાંભા ( થાંભલા ) નીકળ્યા છે. બનાવનારે તેનીપર સુંદર કામ કરવામાં કોઇ પ્રકારે ખામી રાખી નથી. આ ખાંભા એકથી એક ચઢીઆતા છે. તેની કારીગરીનું ભાન તેને પ્રત્યક્ષ જોવાથીજ થાય છે.

**૭ પટાવના થાંભલા**–આની ઉપર અજાયબ રીતિની મૂર્તિઓ ખોદી છે. મૂર્તિઓમાં ખાસ કરીને નગ્ન સ્ત્રીઓની મૂર્તિઓ ઘણી છે. એક સ્ત્રી અદ્ભુત પ્રાણીની ઉપર ઉભી દેખાય છે. આ પ્રાણી મનુષ્ય અને વાંદરાના આકારને મળતું છે. જેનું પેટ એકદમ મોટું છે. કમરમાં તંગીઆ ( જાંઘીઆ ) જેવું પહેર્યું છે.

૮ તીર્થંકરની એક પુરાકદની પ્રતિમા તેના ઉપરનો જમણી તરફનો ભાગ જરા તુટી ગયો છે પરંતુ જીન મૂર્તિ પણ પદ્માસનમાં ધ્યાનસ્થ બેઠી છે. તેની નીચે એક લેખ છે જેમાં સં. ૧૦૩૮ ( ઇ સ. ૯૮૧ ) ખોદેલ છે. મથુરાના શ્વેતાંબર જૈનોએ આ મૂર્તિની સ્થાપના ( પ્રતિષ્ટા ) કરી હતી. મહમુદ ગીઝનીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ.

( ગતાંક પૃષ્ઠ ૧૨૧ થી શરૂ. )

દરેક ગામના સંઘો તથા ગામના ઠાકોરો સમરાશાહને આવેલા જોઇ દહીં, દુધ વગેરે ભેટ ધરતા હતા, અને દેશલશાહે દરેક સ્થળે દાનશાળા પણ ખુલ્લી મુકી હતી. એ પ્રમાણે પ્રયાણ કરતાં સંઘ **સેરીસા તીર્થ** આવી પહોંચ્યો. જ્યાં **શ્રી પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા કાઉસ્સગ્ગધ્યાને બિરાજમાન છે. ધરણેંદ્રથી પૂજાતા ચરણવાળા તે પ્રભુ આજે પણ સપ્રભાવ છે. જે બિંબને પહેલાં સૂત્રધારે પોતાની આંખે પાટા બાંધી એકજ રાત્રિમાં દેવના આદેશથી ઘડયું હતું. મંત્ર શકિતથી સકલ ઇચ્છિત પ્રાપ્ત કરનાર શ્રી નાગેન્દ્ર ગણના અધીશ શ્રી **દેવેન્દ્રસૂરિજીએ સમ્મતગિરીથી** વીશ તીર્થંકરો ( બિંબો ) ને અને કાંતિપુરીમાં હાલ રહેલ ત્રણ તીર્થંકરો ( બિંબો ) ને મંત્રશકિતથી આણ્યા હતા, ત્યારથી આ શ્રેષ્ઠ તીર્થ શ્રીદેવેન્દ્રસૂરિજીએ સ્થાપ્યું છે. સંઘવી દેશલે અહિં સ્નાત્ર મહાપૂજા, મહોત્સવ કરવા પૂર્વક ધ્વજા અર્પી આરતી કરી, સમરાશાહે ભોજનાદિ દાન આપ્યું. અષ્ટાહ્નિકા પછી પ્રયાણ કરી સંઘ સાથે દેશલશાહ ક્ષેત્રપુર ( સરખેજ ) પહોંચ્યા. જ્યાં પણ દેવ ભકિત કરી ધોળકા આવ્યા. પ્રત્યેક ગામનગરમાં ચૈત્યપરિપાટી કરતાં, મહાધ્વજા, પૂજા આદિથી પુણ્ય ઉપાર્જન કરતાં સંઘવી **દેશલશાહ** અનુક્રમે પિપ્પલાલીપુર ( પિપરાલી ) આવી પહોંચ્યા અને ત્યાંથી શત્રુંજયગિરિને જોઇ **દેશલ** અતિ હર્ષનિમગ્ન થયો. **સમરસિંહને** આગળ કરી શ્રી સંઘ સાથે મહા કાર્યો સાધતાં **દેશલશાહે** લાપશી કરાવી મહોત્સવ કરી ગિરિરાજને પૂજ્યો અને યાચકોને પુષ્કળ દાન આપ્યું.

---

ઇ. સ. ૧૦૧૮ માં મથુરા ભાંગી તેની પહેલાં ૩૭ વર્ષે આ મૂર્ત્તિ સ્થપાઇ હતી. વળી મહમદની ચઢાઇ પછી સ્થાપિત કરેલ મૂર્તિઓ પણ મળી છે એથી સમજી શકાય છે કે જૈનો પોતાના મથુરાના મંદિરમાં દશમા તથા અગીઆરમા શતકમાં આનંદથી પૂજા અર્ચા કરતા હતા જેની સાથે ઘણોજ ઓછો નિરોધ કરવામાં આવતો હતો.

सरस्वती
( ભા. ૩. ખં. ૨. અં. ૪
અકટોબર
૧૯૨૯ )

અનુવાદક
મુનિ જ્ઞાનવિજય
૯૬, કેનીંગ સ્ટ્રીટ, મુ૦ કલકત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજે દિવસે તીર્થનાથના દર્શન કરવાની ઉત્કંઠાથી પ્રયાણ કરી શ્રી **શત્રુંજયગિરિ** સમીપ પહોંચ્યા. **લલિતાદેવી** ( વસ્તુપાળની પત્ની ) એ કરાવેલા સરોવરના તટપર **સમરાશાહે** શ્રી સંઘને આવાસ કરાવ્યા. શ્રી **વિમલ** ગિરિના દર્શન થતાં અંગમાં આનંદ માતો નહોતો. પર્વતરાજને પૂજયો, પ્રણામ કર્યા, માગણ જનોને દાન દીધા, અને શત્રુંજય શિખરના સ્વામીનું સ્મરણ કરી પ્રણામ કર્યા. દેશલે બીજે દિવસે શત્રુંજય ઉપર ચડવાનો વિચાર કર્યો, તેટલામાં એક માણસ વધામણી લઇ આવ્યો કે દોલતાબાદ ( દેવગિરિ ) થી **સહજપાલ** અને ખંભાતથી **સાહણપાલ** સંઘ સહિત આવેલા છે. જે સાંભળી **સમરસિંહ** અત્યંત ખુશી થયો અને સંઘ સહિત એક યોજન સામે ગયો. બંધુને મળ્યા, ભેટી પ્રણામ કર્યા અને બંને ભાઇઓએ સમરસિંહને કહ્યું કે ભાઇ, બીજા સંઘપતિને પાળ. ખંભાતના સંઘમાં ઘણા આચાર્યો હતા. તે સર્વેને સમરાશાહે વંદન કર્યું. **પાતાકમંત્રીના ભાઇ મંત્રી સાંગણ** ખંભાતથી સાથે આવ્યા હતા, તેમજ વંશપરંપરાગત સંઘપતિપણાને પ્રાપ્ત કરનાર સંઘવી **લાલા ભાવસાર, સં. સિંહભટ** ઉત્તમ શ્રાવક, અને વસ્તુપાલના વંશના મંત્રી **વીજલ** હર્ષથી સંઘમાં આવ્યા હતા, તથા **મદન, મોલ્હાક, રત્નસિંહ** વગેરે અસંખ્ય શ્રાવકો આનંદપૂર્વક પ્રતિષ્ઠા પ્રસંગમાં આવ્યા હતા. સર્વની ભકિત સમરાશાહે કરી અને **વિમલગિરિ** શિખર ઉપર ચડવા માટે સર્વ ઉદ્યમી થયા. પ્રાત:કાળે પાલીતાણા શહેરના **પાર્શ્વજિન** તેમજ શ્રી **મહાવીર** પ્રભુને વંદન કરી **દેશલ** સંઘ સહિત પર્વતની પાસે આવ્યો. ત્યાં રહેલા શ્રી **નેમનાથપ્રભુ**ને પૂજી શ્રી **સિદ્ધસેનસૂરિજી**ને હાથનો ટેકો આપી દેશલે પર્વત ઉપર ચડવાનો આરંભ કર્યો. તે વખતે શ્રી શત્રુંજય પર્વત વૃક્ષરાજિ, પશુ પક્ષિઓ અને પાણીના ઝરણાવડે કુદરતી સૌંદર્યથી ભરપૂર હતો. દેશલે ઉપર ચડી પ્રથમ પ્રવેશમાં જેનો પોતે ઉદ્ધાર કરાવેલ છે તે ભગવાન **આદિનાથ**ની માતાને જોઇ વંદન પૂજન કરી શ્રી **શાંતિનાથ** ચૈત્યમાં ગયો ત્યાં પૂજા કરી ત્યાંથી આદિનાથાદિ જિન મંદિરે જઇ ત્યાં પૂજા કરી જેનો ઉદ્ધાર પોતે કરેલ છે એવા કપર્દિ યક્ષની મૂર્તિના દર્શન સંઘ સહિત કરી સિંહદ્વારે પહોંચ્યો. ત્યાં ભગવાનને જોઇ પુષ્કળ ધનની વૃષ્ટિ કરી, ચૈત્યના મધ્ય ભાગમા પ્રવેશ કરી, પોતે કરાવેલ **આદિનાથ**ને વંદન કરવા **દેશલ** ભૂમિ ઉપર પડી પ્રણામ કરતો યુગાદિનાથની સમીપ આવ્યો. ભકિતથી આદિનાથ પ્રભુને ભેટી પડયો, પછી આદિનાથની લેપ્ય મૂર્તિને પુષ્પથી પૂજી પ્રદાક્ષણા કરી અનેક અર્હંત બિંબોની પૂજા કરી પછી **પાંડવોની** મૂર્તિને પૂજી, રાયણ નીચે રહેલ ભગવાનના પગલાંને તથા પોતે કરાવેલી આશ્ચર્યકારક મયૂરની મૂર્તિને જોઇ સુવર્ણ, મણી, મોતીની વૃષ્ટિ કરી ત્યાં મહોત્સવ કરી યાચકોને દાન આપી, બાવીશ તીર્થં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને પૂજી, આદિનાથને પ્રણામ કરી પોતાના સ્થાને પુત્ર સહિત આવી પ્રતિષ્ઠા વિધિ કરવા તત્પર થયો અને બીજા પુત્રો છતાં પ્રતિષ્ઠા કરવાનો આદેશ સમરસિંહને કર્યો જેથી તે પણ આનંદિત થયો. સોરઠ અને વાલાકથી પણ હજારો મનુષ્યો અહિં આવ્યા હતા. માઘ માસની ( સંવત ૧૩૭૧ ના ) શુકલ ત્રયોદશી અને રવિવારે સંઘને એકઠો કર્યો અને શ્રી સિદ્ધસૂરિજી પ્રમુખ આચાર્યો સાથે સમરસિંહ અને દેશલ પાણી લેવા કુંડ તરફ ગયા. ત્યાં દિક્પાલ તથા કુંડના અધિપતિ દેવની વિધિ પૂર્વક પૂજા કરી શ્રી સૂરિદ્વારા મંત્રિત પાણી વડે ઘડાઓ ભરી સુવાસિની સ્ત્રીઓના માથે મુકાવી સંઘ સહિત ચૈત્યે આવ્યા. ઘડા યોગ્ય સ્થાને મુકાવી તે ૪૦૦ સ્ત્રીઓ પાસે સેંકડો ઔષધિઓના મૂળ મંગળ ગીત ગાતાં વટાવવાનો પ્રારંભ કર્યો. સૂરિજીએ તે સ્ત્રીઓને વાસક્ષેપ નાંખ્યો અને ઔષધિઓનું ચૂર્ણ તૈયાર થતાં તે શરાવમાં નાંખવામાં આવ્યું. જિનાલયની ચારે દિશાએ નવ નવ વેદિકાઓ તૈયાર કરાવી તેની ચારે બાજુ જવારા મુકયા. રંગમંડપના મધ્યભાગમાં પ્રભુ સન્મુખ નંદાવર્તપટ્ટ મુકવા એક હાથ ઉંચી ચોરસ વિશાળ વેદિકા કરાવી અને તેના ઉપર ચાર થાંભલાવાળો ઉપર સૂવર્ણ કળશયુક્ત વિવિધ વસ્ત્ર અને કેળના સ્થંભવડે સુશોભિત મંડપ કરાવ્યો તેની પાસે મુખ્ય ચૈત્યનો તૈયાર કરાવેલો ધ્વજદંડ પ્રતિષ્ઠા કરવા માટે સ્થાપિત કર્યો. મુખ્ય ચૈત્યની આસપાસના ચૈત્યોની પ્રતિષ્ઠા કરવા માટે સુંદર ઉંચી વાલુકા યુક્ત સમૂળડાભસહિત વિશાળ વેદિકા કરાવી. બારણે આંબાના તોરણો બાંધ્યા. સૂરિજી મહારાજે ગોરોચન, કેસર, કપૂર અને કસ્તુરી પ્રમુખ દ્રવ્યો વડે પ્રથમ ચંદનનો લેપ કરી નંદાવર્તનો પટ્ટ લખ્યો.

હવે પાણીથી ભરેલી કુંડીમાં જ્યોતિષિકની ઘટીઓ પાણીથી ભરાઇ જવાથી તળીયે બેસવા લાગી, એટલે પ્રતિષ્ઠાનો સમય જાણી સૂરિમહારાજ મુખ્ય જિનમંદિરે આવ્યા. તે વખતે બીજા આચાર્યો પણ પ્રતિષ્ઠા કરવા માટે તેની વિધિમાં સાવધાન થઇ મુખ્ય ચૈત્યને વિષે જઇ પોતપોતાના આસન પર બેઠા. દેશળ પણ પુત્ર સહિત સ્નાન કરી વિશુદ્ધ વસ્ત્રો પહેરી લલાટમાં ચંદનનું તિલક કરી ચૈત્યમાં ગયો. બીજા શ્રાવકો પણ પોત પોતાના બિંબો લઇ હાજર થયા. સિદ્ધસુરિજી આંગળીએ સુવર્ણની મુદ્રિકા અને હાથે કંકણ પહેરી દશાયુકત બે વસ્ત્રને ધારણ કરી જીનેશ્વરના સન્મુખ ઉભા. જિનેશ્વરની દક્ષિણ બાજુએ સાહણ સહિત દેશલ અને ડાબી બાજુએ સમરસિંહ સહિત સહજપાલ સ્નાત્ર ભણાવવા તૈયાર થયા. સામન્ત અને સાંગણ બંને ભાઇઓ ચામર સહિત જિનેશ્વર પાસે ઉભા. કોઇની દૃષ્ટિ ન પડે માટે જિનના કંઠમાં અરિષ્ટ રત્નની માળા નાંખી. જિનના કરને વિષે રક્ષા નિમિત્ત રાખડી બાંધી. પ્રતિષ્ઠાને યોગ્ય તમામ વસ્તુઓ ત્યાં ગોઠવાઇ ગઇ. મિંઢલ સહિત ઋદ્ધિ અને વૃદ્ધિ એ બંને ઓષધિ જિનને હાથે બાંધી અને ગુરૂએ દેશલાદિ શ્રાવકોને હાથને વિષે મીંઢળ સહિત કુસુંબી મંગળસૂત્ર બાંધ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે સિદ્ધસેન સૂરિજીએ સ્નાત્રીયા પાસે સ્નાત્રનો આરંભ કરાવ્યો અને શ્રી આદિજીનનું સ્નાત્ર સૂરિજીએ સ્વયં કરાવ્યું.

લગ્નની ઘડી આવી પહોંચતા શ્રી સિદ્ધસેનસૂરિ સાવધાન થઇ જ્યોતિષીઓએ કહેલું પ્રતિષ્ઠાનું લગ્ન સાધતા હતા. શુભ લગ્ને જિન પ્રતિમાને લાલ વસ્ત્રવડે ઢાંકીને ચંદન અને સુગંધી દ્રવ્યવડે પૂજા કરી; તે સમયે સમરસિંહ પૌષધશાળાએ જઇને નંદાવર્તનો પટ્ટ સુવાસિની સ્ત્રીને માથે મુકી ચૈત્યે આવ્યો. વાદિત્રો ચોતરફ વાગવા લાગ્યા. લોકો જિનગુણ ગાવા લાગ્યા. મંડપની વેદિકા ઉપર નંદાવર્તના પટ્ટને પધરાવવામાં આવ્યો, તેને પાથરી યથાવિધિ કપૂર વડે સૂરિજીએ પૂજા કરી. હવે લગ્ન સમય પાસે આવ્યો જાણી રૂપાની કચોળી અને સોનાની સળી હાથમાં લઇ શ્રી સિદ્ધસૂરિજી મહારાજ રૂષભજિનની પ્રતિમાજી પાસે આવ્યા. બરાબર પ્રતિષ્ઠા સમયે શ્રી સિદ્ધસેનસૂરિએ જિનબિંબ થકી વસ્ત્ર ખસેડીને તેના બંને નેત્રોમાં સુરમો અને સાકરના યોગવાળું અંજન આંજયું, અને વિક્રમ સંવત ૧૩૭૧ ના માઘ માસની શુકલ પક્ષીની ચૌદશ, પુષ્પ નક્ષત્ર અને સોમવારે મીન લગ્નમાં નાભિનંદન શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠા કરી. પ્રથમ જાવડશાહના ઉદ્ધાર સમયે શ્રી વજ્રસ્વામીએ પ્રતિષ્ઠા કરી હતી અને ત્યાર પછી આ પ્રતિષ્ઠા થઇ. શ્રી સિદ્ધસેનસૂરિની અનુજ્ઞાથી મુખ્ય પ્રાસાદના ધ્વજાદંડની વાચનાચાર્ય નાગેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી. સર્વ પુત્રો સહિત દેશલે ચંદન અને બરાસવડે આદિનાથ પ્રભુના શરીરે વિલેપન કરી તેની પાસે પકવાન પ્રમુખ નૈવેદ્ય મૂકયા. તે સામે વાદિત્રો વાગવા લાગ્યા. આનંદથી કઇક નૃત્ય કરવા લાગ્યા. મંગળ ગીતો ગવાવા લાગ્યા. અનેક રીતે તે વખતે ભવ્ય જનોએ મહોત્સવ કર્યો. હવે દેશલ ધ્વજદંડને સ્થાપન કરવા તત્પર થયો. શ્રી સિદ્ધસૂરિજીને હાથનો ટેકો આપી પુત્ર સહિત દેશલ ધ્વજદંડની સાથે શિખર ઉપર ચડી આવ્યો. ત્યાં સૂત્રધારો દ્વારા દંડનું સ્થાપન કરી અને દંડની સાથે ધ્વજા બાંધી યાચકોને દાન આપ્યું અને તેના પાંચ પુત્રોએ ધનની વૃષ્ટિ કરી.

દેશલે ત્રણ છત્ર અને બે ચામર આદિ જિનના ચૈત્યમાં આપ્યા. સુવર્ણ દંડ યુકત અને રૂપાના તંતુના બનાવેલા બીજા બે ચામર આપ્યા. મનોહર સ્નાત્રના કુંભ, રૂપાની આરતી, મંગળ દીવો પણ આપ્યા. બધા જિનેશ્વરોનો સ્નાત્ર વિધિ કર્યો. બધા જિનોની ચંદનાદિ વડે પૂજા કરી, પછી આચાર્ય મહારાજ શ્રી સિદ્ધસેનસૂરિના ચરણને વંદન કરી બીજા મુનિઓને ભક્તિ–પાન વડે પ્રતિલાભી પ્રાતઃકાલે પોતાના પુત્ર સહિત દેશલે પારણું કર્યું. અને ભાટ, ચારણ, યાચક, દીનદુઃખી જનોને ભોજનદાન વગેરેથી સત્કાર કરતાં દશ દિવસ સુધી ઉત્સવ કર્યો. અગ્યારમે દિવસે પ્રાતઃકાલે સૂરિજી મહારાજના સ્વહસ્તે પ્રભુનું કંકણ છોડાવ્યું અને પોતે કરાવેલ અલંકારો દેશલે પ્રભુને ચડાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશલે સંઘ સહિત આદિ જિનની આરતી ઉતારવાનો પ્રારંભ કર્યો. તેની બંને બાજુએ સાહણ અને સાંગણ ચામર ધારણ કરી અને સામન્ત અને સહજપાળ કળશ ધારણ કરી ઉભા, પછી સમરસિંહે પિતાના નવઅંગે ચંદનના તિલક કર્યાં. લલાટે તિલક કરી અક્ષત ચોડી કંઠમાં ફૂલની માળા પહેરાવી. બીજા પણ સંઘના પુરૂષોએ ચંદનવડે પગે પૂજા કરી કપાળે તિલક કરી આરતીની પૂજા કરી તેના કંઠે માળા પહેરાવી. દેશલશાહે આરતી ઉતારી મંગળ દીપ ગ્રહણ કર્યો. ભાટો તે વખતે દેશલ તથા સમરસિંહની બિરૂદાવલી બોલવા લાગ્યા. તેઓને પુષ્કળ દાન આપ્યું. ત્યારબાદ કપુરવડે મંગલદીપ કરી વાગતા વાદિત્ર સાથે મંગળદીપ બોલી હાથ જોડી શક્રસ્તવ વડે આદિજિનની સ્તુતિ કરી. સૂરિજી મહારાજે પણ ત્યારપછી આદિજિનની અમૃતાષ્ટકવડે સ્તુતિ કરી.

પ્રતિષ્ઠા મહોત્સવ–અભિષ્ટ કાર્યની સિદ્ધિથી ઉત્પન્ન થયેલ પ્રમોદવડે દેશલે નૃત્ય કર્યું અને સ્તુતિ કરી પછી યુગાદિ પ્રભુની રજા માંગી, દેશલ કપર્દિયક્ષને મંદિરે ગયો. ત્યાં નાળીયેર અને લાપશી વડે યક્ષની પૂજા કરી તેના મંદિરે ધ્વજા ચડાવી ધર્મકાર્યોમાં સહાય કરવા તેની પ્રાર્થના કરી.

સંઘનાયક દેશલ શત્રુંજય તીર્થને વિષે વીશ દિવસ રહી પુત્ર સહિત શ્રી સિદ્ધસેનસૂરિ સાથે પર્વત ઉપરથી નીચે ઉતરવા તૈયાર થયો. સર્વ અર્હંતોને નમી પ્રાતઃકાળમાં પર્વતથી નીચે ઉતરી સંઘના નિવાસ સ્થાને આવ્યો. અને સુંદર ભોજન વડે મુનિવરોને પ્રતિલાભા, પરિવાર સહિત શ્રી સંઘને ભક્તિ પૂર્વક ભોજન કરાવ્યું.

આ સંઘમાં આચાર્યો, વાચનાચાર્યો, ઉપાધ્યાય આદિ પદસ્થ પાંચસો મુનિઓ હતા, તેને તેમજ બીજા બે હજાર મુનિઓને અનેક પ્રકારના વસ્ત્રો અને ઉચિત વસ્તુઓ વડે પ્રતિલાભ્યા. સમરસિંહે સાતસો ચારણો, ત્રણ હજાર ભાટ, હજાર ઉપરાંત ગાયકોને ધન વસ્ત્રાદિ પુષ્કળ દાન આપ્યું. વાટિકાઓના માળીઓને ધન આપી પુષ્પ પૂજા માટે તે ખરીદી લઇ નવી કરાવી પૂજા કરનારા તથા ગાયકોને ત્યાં ભક્તિ માટે મુકયા. ત્યાર બાદ દેશલે ઉજ્જયન્ત (ગિરનારજી) તીર્થની યાત્રા માટે સંઘ સહિત પ્રયાણ કર્યું. (ચાલુ.)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાતિ અને તેનો ઉદય.

( ગતાંક પૃષ્ટ ૧૧૪ થી શરૂ. )

**જ્ઞાતિ ઉદય અને વેપાર ઉદ્યોગ.**

આમુખમાંજ આપણે જોઇ ગયા છીએ કે હિંદુસ્તાનમાં ઘણે ભાગે જ્ઞાતિને અનુસરીને વેપાર ધંધા દાખલ થયાં છે, અગર વેપાર ધંધાને અનુસરીને જ જ્ઞાતિ બંધાય છે. વાણીયાનો છોકરો વેપાર કરશે, કે શરાફને ત્યાં અગર બીજે સ્થળે નોકરી કરશે, સુતારનો છોકરો સુતારનું જ કામ શીખશે. લુહારનો છોકરો લુહારનો જ ધંધો કરી પોતાનો જીવન નિર્વાહ ચલાવશે. બ્રાહ્મણ પાઠ પૂજા કરી અને શિક્ષણ આપી પોતાની કમાણી કરશે. આ રીતમાં કેટલોક ફેરફાર થવા લાગ્યો છે એ ઇષ્ટ છે. **વેપાર—વાણિજ્યમાં જ્ઞાતિએ બીલકુલ વચ્ચે આવવું જોઇતું નથી;** એને એમ પણ ન કહેવું જોઇએ કે ફલાણી જ્ઞાતિના માણસને તો ફલાણો ધંધો ન શોભે. નીતિથી અને ન્યાયથી લક્ષ્મી સંપાદન કરવાથી સઘળાં સાધનોનો લાભ લેવાની છૂટ આપવી જોઇએ. ઘણીખરી નાતોમાં તેને માટે ખાસ બંધન હોતું નથી પણ જ્ઞાતિની ચાલતી આવતી પ્રથાને લીધે અમુક ધંધા જ યોગ્ય ગણાય છે અને બીજા ધંધાઓ કરનારની ટીકા કરવામાં આવે છે એ ગેરવ્યાજબી છે. માટે સાહસિક પુરૂષોએ ટીકાની વાત બાજુએ મુકી સંકોચ વિના પોતાને યોગ્ય લાગે તે ઉદ્યોગ હુન્નર લેવાની જરૂર છે. **હિંદુસ્તાનને ઉદ્યોગની ખીલવણી કરવાની ખાસ જરૂર છે.** અને તેથી જ આર્થિક લાભ મળી શકશે. જુદા જુદા વેપાર ઉદ્યોગ માટે અત્રે લખવું ઉચિત છે. એટલું કહેવું બસ છે કે જ્ઞાતિએ દરેક જાતની મદદ કરવા પ્રયત્ન કરવો અને દરેક જ્ઞાતિબંધુએ તેને યોગ્ય લાગે તે વેપાર ધંધો લેવા ભલામણ છે અને પરદેશ જઇ હાડમારી ભોગવવી પડે તેને માટે કાંઇ ગભરાયા વિના કાર્ય કરવાની જરૂર છે. આ બાબતમાં અંગત વિચારની વિશેષ જરૂર છે.

**૩૧ સ્ત્રીઓ પ્રત્યે થતા અન્યાય.**

આપણા દેશમાં કેટલાક વખતથી કેટલીક જ્ઞાતિઓમાં **સ્ત્રીઓ** ઘણો **હલકો દરજ્જો** ભોગવે છે "સ્ત્રીની બુદ્ધિ પાનીએ" એ કહેતી પ્રમાણે **સ્ત્રીઓને યોગ્ય સન્માન મળતું નથી.** અને જ્યારથી જન્મે છે ત્યારથી તેના પ્રત્યે પુરૂષ કરતાં ઓછી કાળજી રાખવામાં આવે છે. તેમના શિક્ષણની અને બીજી એવી કેટલીક બાબતોમાં બેદરકારી બતાવવામાં આવે છે. ત્યારે કેટલીક નાતોમાં કપડાં વગેરેની ફેશન દાખલ કરવામાં તેમને હદપારની છૂટ આપવામાં આવે છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચે સેવક અને સેવ્યપણાનો સંબંધ રહેલો છે એવી માન્યતાને લીધે બન્ને વચ્ચે સમાન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનો અને સરખાપણાનો ભાવ દર્શાવવામાં આવતો નથી. સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો સંબંધ ઘણો ગાઢો અને કાયમનો હોવા છતાં બંનેને જુદા પ્રકારની ફરજો અદા કરવાની હોય છે તેને માટે જુદી જુદી કેળવણી અપાવી જોઇએ. જે ચીજો પુરૂષો પાસે નથી તેની પૂર્ત્તિ સ્ત્રી કરે છે. સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના છે. સ્ત્રી અને પુરૂષ બંને પક્ષીની બે પાંખો સમાન છે. એકલા પુરૂષોને કેળવી ઉન્નતિ કરવી એ એક પાંખ વતી પક્ષીને ઉડાડવા જેવું છે. વળી મહાન્ ગ્લેડસ્ટનનું વચન છે કે **કોઇ પણ દેશની સ્ત્રીઓની સ્થિતિ ઉપરથી તે દેશની એકંદર સુધારણા કિંવા ઉન્નતિની કલ્પના કરી શકાય** છે. સ્ત્રીઓ પ્રત્યે જે બેદરકારી રાખવામાં આવે છે તેથી આપણને ઘણું નુકશાન થાય છે. તેમને ઘટતી છૂટ અને સ્વતંત્રતા નહિ આપવામાં આવતી હોવાથી તેમની બુદ્ધિનો જોઇએ તેવો વિકાસ થઇ શકતો નથી. **વિધવાઓની આથી પણ કફોડી હાલત છે.** કેટલીક નાતોમાં તો તેમના ઉપર હદ બહારના બંધનો છે. તે કાઢી નંખાવવાં જોઇએ. અને તેમને સુરત અને અમદાવાદની **વનિતા વિશ્રામ** જેવી સંસ્થાઓમાં દાખલ કરાવી સેવાના સન્માર્ગે ચડાવવાની જરૂર છે. તેથી જ્ઞતિહિત અને દેશકલ્યાણમાં તે ઘણો મોટો હિસ્સો આપી શકશે. આપણા દેશની સ્ત્રીઓનું મરણ પ્રમાણ વિશેષ છે તે કારણોની તપાસ કરી તેને નિર્મૂળ કરવા જોઇએ. તેમને માટે પ્રસૂતિનો સમય ઘણો કટોકટીનો છે અને તે વખતે ઘણીવાર સુવારોગ, ઝાડા, કે તાવ એવા રોગો લાગુ પડે છે. કારણ કે તે સમયની તેમને રાખવાની પદ્ધતિ ઘણી ખરાબ અને વખોડવા લાયક હોય છે. કેટલીક જ્ઞાતિઓ એકઠી મળી જો પ્રસૂતિગૃહ કાઢે તો તેમના ઉપર ઘણો સારો ઉપકાર થાય. સ્ત્રી-પુરૂષ વચ્ચે જ્યાં જ્યાં યોગ્ય હોય ત્યાં સમાનતાનું તત્ત્વ દાખલ થશે તો એક બીજાની અરસ્પરસ સહાય અને સલાહ લેવાનું લાભદાયી નીવડશે અને પ્રસૂતિનો માર્ગ સરળ થશે. દરેક જણે સાક્ષર શ્રી મણિલાલ નભુભાઇના નીચેના શબ્દો ધ્યાનમાં રાખી સ્ત્રી-પુરૂષ વચ્ચેના સંબંધની તુલના કરવી.

" **સ્ત્રીઓ નિરંતર પ્રેમદ્વારા શિક્ષણ આપે છે.** પુરૂષ એ જનમંડળનું બુદ્ધિસ્થાન-મન છે; પણ સ્ત્રી તેનું પ્રેમસ્થાન-હૃદય છે. પુરૂષ જનમંડળનો નિર્ણેતા છે, સ્ત્રી તેને રસાર્દ્ર કરી પ્રવર્ત્તાનાર છે; પુરૂષ એ જનમંડળનું બળ છે, પણ સ્ત્રી તેનું લાવણ્ય, આભૂષણ તથા સુખ છે. સ્ત્રીઓની બુદ્ધિ પણ તેમના પ્રેમદ્વારા જ બહાર પડે છે. આમ પુરૂષો બુદ્ધિના અધિષ્ઠાતા છે, તથાપિ સ્ત્રીઓ જ માણસની રસ ભાવનાને કેળવે છે. રસ ભાવનામાંથી જ ચારિત્ર બંધાય છે. પુરૂષનું માન પૂર્વક સ્મરણ થયાં કરે છે, સ્ત્રીના ઉપર અભિન્ન પ્રેમભાવથી લીનતા થાય છે. "

સ્ત્રીઓને તેમનું ગૃહરાજ્ય ચલાવવામાં અને તેમની બુદ્ધિ ખીલવવામાં મદદગાર થઇ પડે એવી યોગ્ય કેળવણી અપાવવી જોઇએ. સ્ત્રીઓ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્ત્રી કેળવણી**

પુરૂષોને જુદા જુદા કાર્યો કરવાનાં હોવાથી બંનેને એક જ પ્રકારની કેળવણી આપવામાં આવે છે તે અયોગ્ય છે. સ્ત્રી કેળવણીમાં કેટલોક ફેરફાર કરવાની જરૂર છે અને આ બાબતમાં પ્રો. કર્વેએ સ્ત્રીઓની યુનીવર્સિટી કાઢી ઘણી સારી દેશસેવા બજાવી છે. રાંધવાની, ભરત-ગુંથણની, બાળકો ઉછેરવાની, માંદાનો માવજત કરવાની વગેરે એવા પ્રકારની બીજી કેળવણી આપવાથી સ્ત્રીઓ ગૃહરાજ્ય ઘણી સારી રીતે ચલાવી શકશે. મહાન **નેપોલીયનના** કહેવા મુજબ દેશને આબાદ કરવામાં **સ્ત્રી કેળવણીની** જરૂર છે. આજે જે **બાલિકાઓ છે તે ભવિષ્યની માતાઓ બનશે** અને **"યોગ્ય માતા સો શિક્ષક કરતાં પણ અધિક છે,"** તેના બાળકને ઉછેરવામાં અને કેળવવામાં તેઓ ઘણી ઉલટથી ભાગ લઇ શકશે અને **ભવિષ્યની પ્રજાને સન્માર્ગે દોરશે.** કેળવણી મળવાથી નહીં જેવી બાબતની તકરારો કરતાં અને નિંદા કરતાં ભૂલી જશે અને સુધારાને બ્હાને જે ખોટા ખ્યાલો તથા **દંભી પોષાક** તરફ વલણ છે તે પણ તેની મેળે દૂર થશે. વળી **જ્ઞાતિની ફરતી લાયબ્રેરી મારફતે સ્ત્રીઓને ઉપયોગી શિક્ષણ આપી શકાશે.** જ્ઞાતિ હિતનાં કાર્યોમાં સ્ત્રીઓને જોડાવાના જો રસ્તાઓ કરવામાં આવશે તો તેઓ ઘણા ઉત્સાહથી ભાગ લેશે.

સ્ત્રીઓ પણ ઉપર બતાવેલી કેટલીક રીતો પ્રમાણે જ્ઞાતિહિતનાં દરેક કાર્યમાં ઘણું કાર્ય કરી શકશે. તેમને એકલું ગૃહરાજ્ય ચલાવી અટકવાનું નથી પણ બહારની કેટલીક **ચળવળને પોષવાની છે.**

**સ્ત્રીઓ અને દેશસેવા.**

જનસેવા કરવાને પુરૂષો અને તેમનો સરખો અધિકાર છે. અને દેશ સેવાનાં કાર્યોમાં બંને સાથે મળી કાર્ય કરશે તો દેશને ઘણો લાભ થશે. **સ્ત્રીની અસર માતા તરીકે ભવિષ્યની પ્રજા** ઉપર સજ્જડ અને **સચોટ** હોય છે. **સ્ત્રીઓ દેશહિતનાં કાર્યો અંદરખાનેની** કરે છે. પુરૂષોને તે નવું બળ આપે છે. તેમનામાં જીવનશકિત પુરે છે અને કાર્ય કરવામાં ઉત્તેજન આપે છે. જો આપણા દેશની સ્ત્રીઓ સમજતી થશે તો દેશને ઘણો લાભ થશે, કારણ કે તેમના કહેવાની અસર પુરૂષો ઉપર ઘણી થાય છે, અને આ રીતે જો વિશાળ ભાવનાઓ ખીલવવામાં આવશે તો જ્ઞાતિનો ઉદય એની મેળે થશે જ્ઞાતિ ઉદયમાં તેમનો હિસ્સો કાંઇ કાઢી નાંખવા જેવો નથી. તેઓને કેળવવાની જરૂર છે અને જો તેઓ કેળવાયેલી હશે તો ઘણું કરી શકશે. આ દિશામાં મુંબઇનું **ભગિની સમાજ** ઘણી પ્રવૃત્તિ કરી રહ્યું છે. તેનું અનુકરણ કરી **જ્ઞાતિઓ જો એવી સંસ્થાઓ** કાઢશે તો જ્ઞાતિ અને દેશસેવાનાં કાર્યો કરવાને સ્ત્રીઓ લાયક બનશે એ ખાચત સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાતિ ઉદય માટે આપણે ઉપર કેટલીક હકીકતો વિચારી ગયા. એ સર્વેનો સરવાળો કરી અને તેમાં ઘટતો વધતો જરૂરી ફેરફાર કરીને જ્ઞાતિને આદર્શ બનાવવા પ્રયત્ન કરી શકીશું. જ્ઞાતિની બગડી ગયેલી સ્થિતિ સુધારવાને યોજેલી સુચનાઓનો જો વ્યવહારિક અમલ કરીશું તો જણાશે કે આધુનિક જમાનાને અનુસરી જ્ઞાતિ બંધારણ અને તેના કાર્યભારમાં કેટલીક અગત્યનો ફેરફાર કરવો પડશે. જે જ્ઞાતિઓ જેમ બને તેમ ઓછા ધારા-નિયમોવાળી અને નહીં જેવાં બંધનોવાળી હશે તે સર્વોત્તમ ગણાશે અને તે બંધનો જ્ઞાતિબંધુઓની સારી સ્થિતિને લઇને ઘટશે એ ધ્યાનમાં રાખવું જરૂરનું છે. જ્ઞાતિ ઉદય માટે વ્યકિત સ્વતંત્રતાની પણ જરૂર છે. એટલે આ રીતે કાબુમાં રહેલી સ્વતંત્રતા ઘણી લાભદાયી નીવડશે.

**જ્ઞાતિ નવા લેબાસમાં.**

અત્યાર આગમચ આપણી જ્ઞાતિઓનું જીવનસૂત્ર રૂઢિ છે. આપણે **રૂઢિના ગુલામ બન્યા છીએ**. સારાસારનો **વિચાર કર્યા વિના** રૂઢિનાં ફરમાનોને શાંતિથી તાબે થઇએ છીએ. હવે તો આપણે દેશના સંજોગો અને સ્થિતિ જોઇ અયોગ્ય અને બિનજરૂરી **રૂઢિની બેડીઓને તોડવી પડશે. વિચારશીલ પુરૂષો** સમજી શકે છે કે જે **જ્ઞાતિ એક પણ તસુ** આગળ વધવા ઇચ્છા રાખતી નથી તેની અંતે અધોગતિ થાય છે. **સમાનતા, ભ્રાતૃભાવ અને સ્નેહ** જ્ઞાતિને વધુ આદર્શ બનાવી **જ્ઞાતિ જીવનનું સૂત્ર ફેરવી** અને **નવું ઘડી કાઢશે અને** તે હવે **"સગવડ અને જરૂરિયાત"** રહેશે.

વળી જ્ઞાતિના **લોકમતના** અભિપ્રાયના કીંમત ગણી તેનો અનાદર નહિ કરવામાં આવે એટલું જ નહિ પણ જ્ઞાતિ માટે બાંધવાના ધારા-નિયમોમાં જ્ઞાતિ-બંધુઓનો અવાજ ઉપયોગી લેખવામાં આવશે. જ્ઞાતિતંત્ર ચલાવવામાં પણ દરેક જણ પોતાની શકિત અનુસાર ભાગ લઇ શકશે. **નિઃસ્વાર્થ વૃત્તિથી કાર્ય કરનાર જ્ઞાતિના લોકમતનો કાબુ ધરાવી શકશે** અને જ્ઞાતિ ઉદય માટે અથાગ મહેનત કરશે.

આ પ્રમાણે જ્ઞાતિ બંધારણ સુધરવાથી અને વિસ્તૃત બનવાથી તે નવા લેબાસમાં આવી જશે.

આપણે ઉપર જોઇ ગયા કે જ્ઞાતિને તોડવા કરતાં તેને સુધારી સારા પાયા ઉપર જ જો મુકીશું તો આપણને ઘણો લાભ થશે. તેના બંધારણમાં અને ધારા-નિયમોમાં ઉપર પ્રમાણે જો યોગ્ય ફેરફાર કરવામાં આવશે તો જ્ઞાતિ સમાજનું એક વણ ઉપયોગી મંડળ પુરવાર થશે. જ્ઞાતિ ઉદયના બતાવેલા રસ્તાઓ પ્રમાણે જો વર્તવામાં આવશે

**સમાલોચના.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેનો ઉદય અને જરૂરિયાત ટુંક વખતમાં જણાઈ આવશે. ' નાશ નહિ પણ સમીકરણ ' એ સૂત્રને આધારે આપણે જ્ઞાતિનો નાશ નહિ કરીએ પણ પશ્ચિમના સુધારાઓમાંથી જે આપણને માફક આવે તેને ગ્રહણ કરી અને આપણી જ્ઞાતિના કેટલાક સડાઓ દૂર કરી, આપણી સંસ્કૃતિ અને પશ્ચિમ દેશની સંસ્કૃતિને નિશ્ચિત કરી જ્ઞાતિને સુંદર અને મોહક લેબાસમાં મુકી શકીશું.

ઉપર કહેલી સૂચનાઓ મુજબ જો વ્યવહારિક યોજનાઓ ઘડવામાં આવશે તો જ્ઞાતિ ઉદય સ્હેલાઇથી થઇ શકશે. તેવા પ્રયત્નો કરનાર જ્ઞાતિબંધુઓ તેમના કાર્યમાં ફતેહમંદ નિવડો એજ પ્રાર્થના.

ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ ! ! !

## સેવાધર્મના મંત્ર.

શ્રી એન્ડ્રુઝના 'The Way of Service' માંથી ઉદ્ધૃત.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

" સેવા સમો અવનિતલમાં ધર્મ બીજો ન જાણું. "

જો તમે ઇચ્છતા હો કે જે સેવા તમે કરતા હો તે લોકોપયોગી હોવા છતાં તમારે માટે હાનિકારક ન નીવડે તો તમે તમારા સેવાધર્મને માટે નીચે લખેલા ત્રણ સિદ્ધાંત સ્થિર કરી લ્યો.

(૧) સેવાધર્મનો સ્વીકાર કરવો એજ સર્વોત્તમ આનંદ છે.

(૨) યાદ રાખો કે તમારા કરતાં કોઇ વધારે બલવાન શકિત તમને સેવા માટે સશકત બનાવે છે; તમે તો માત્ર તેના પ્રતિનિધિ જ છો.

(૩) કદી પણ ન ભૂલો કે જે દૈવી અંશ તમારી અંદર રહેલો છે તે બીજામાં પણ રહેલો છે.

એટલું હમેશાં યાદ રાખવું કે તમે બીજાના સંબંધી જે વાતો અથવા વિચારો કરો છો તેવી વાતો કે વિચારો તેઓએ પણ કદિ તમારા માટે કર્યા હોય એ સંભવિત છે.

કોઇ તમને કદી કષ્ટ આપે તો યાદ રાખવું કે કષ્ટ પામનાર કરતાં કષ્ટ આપનારને એનાથી વધારે દુઃખ સહન કરવું પડે છે.

એક વાતની ચિંતા રાખવી કે કોઇ પણ વ્યકિત તરફના તમારા પ્રેમને લઇને તમારી અથવા તે વ્યકિત તરફના મનનું સમતોલપણું નષ્ટ ન થવું જોઇએ. તમારી સેવાથી શકિતમાં વૃદ્ધિ થવી જોઇએ–શકિતનો હ્રાસ થાય એ ઠીક નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા લોકોમાં સેવા કરવાની વધારે શક્તિ જોઇને ઈર્ષ્યા ન કરશો. ઉલટું તમારે રાજી થવું કે જ્યાં તમારી અલ્પશક્તિ સેવાને માટે અસમર્થ થઇ પડે છે ત્યાં તમારી મદદ માટે તમારાથી અધિક બળવાન શક્તિઓ મોજુદ છે.

તમે કોઇને કાંઇ વસ્તુ અર્પણ કરો ત્યારે એવી આશા કદિપણ ન રાખો કે તે માણસ તમારી આપેલી વસ્તુ સદા–સર્વદા પોતાની પાસે જ રાખે. તમે જુઓ કે જે ભેટથી એ મનુષ્યને સુખ થયું છે તે બીજાને પણ સુખી કરી શકે છે ત્યારે ખુશી થાઓ.

જ્યારે તમે કોઇને મદદ કરતા હો ત્યારે જે હેતુને લઇને તમારા હૃદયમાં સેવાની પ્રેરણા થઇ હોય તે હેતુમાં તલ્લીન બની જાઓ. એમ કરવાથી તમારો હેતુ સફળ થશે. તમે વધારે સુંદર સહાયતા કરી શકશો.

સેવાના બદલાની આશા ન રાખો. તમે જેને મદદ કરો તે તમારો ઉપકાર ન માને તો ગ્લાનિ ન પામતા. એટલું યાદ રાખો કે તમે જે સેવા કરી છે તે શરીરની નહિ, પણ આત્માની છે. ભલે હોઠ ન ચાલે, પણ તમે આત્માની ઉપકાર–પ્રિયતાના દર્શન જરૂર કરી શકશો.

જેના ઉપર તમે પ્રેમ રાખતા હો તેના પ્રેમની આશા કે ચેષ્ટા બદલામાં કદિ ન રાખતા. જો તમારો પ્રેમ સાચો અને વિશુદ્ધ હશે તો વ્હેલા મોડા તેના હૃદયમાં તે પ્રવેશ કરશે અને ત્યાંથી તમને એનો પ્રત્યુત્તર મળશે. કદાચ તમારો સ્નેહનો પ્રવાહ મર્યાદિત હોય તો એ ઇચ્છવા જોગ છે કે સામા માણસને દુઃખ નહિ થાય કે આખરે એ સ્નેહપ્રવાહ સુકાઇ ગયો.

યાદ રાખજો કે જે માણસે આત્મ–સંયમની સાધના નથી કરી તે સાચી સેવા નથી કરી શકતો.

જે સેવા બોજો ઉપાડી લેવાના બદલામાં બોજો વહન કરવાના શક્તિ આપીને બોજો હલકો કરે છે તેજ સાચી સેવા છે.

જો તમે ભિન્નભિન્ન વ્યક્તિઓના ભિન્નભિન્ન આદર્શો ઉપર દ્રષ્ટિ રાખીને તે અનુસાર સેવા કરશો તોજ તમે ઉત્તમ સેવા કરી શકશો.

મનુષ્યમાં જે સર્વોત્તમ ગુણો રહેલા હોય છે તેના બળથીજ તે સર્વોત્તમ સેવા કરી શકે છે. સંસારમાં જેટલા મનુષ્ય આશ્રયને પાત્ર હોય છે તેટલા જ સેવાને પાત્ર હોય છે.

પ્રત્યેક ક્ષણ સેવા કરવા માટે યોગ્ય સમય હોય છે. કેમકે આપણને પ્રેમભર્યાં કાર્ય કરવાનો પ્રસંગ જીવનમાં ન મળે તોપણ આપણાં હૃદયને પ્રેમથી ભરપૂર રાખવાનો સમય હમેશાં આપણા માટે તૈયાર જ હોય છે.

જેટલી હદ સુધી મનુષ્ય પોતાના સ્વાર્થનો ઓછો વિચાર કરે છે તેટલી હદ સુધી તે જરૂર પોતાની આત્મોન્નતિ તરફ ધ્યાન લગાડી શકે છે. સેવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાનામાં નાનાં કાર્યનો બદલો સેવાની વધતી જતી શક્તિના રૂપમાં સેવકને આપો આપ મળે છે.

કોઇ મનુષ્યની સેવા કરવાનો તમે જે માર્ગ ગ્રહણ કર્યો હોય છે તે જો તે મનુષ્યને પસંદ ન હોય તો તમે કોઇ બીજો માર્ગ શોધી લ્યો. તમારો હેતુ સેવા કરવાનો છે તો પછી જબરદસ્તીથી તેના ઉપર તમારી સેવાનો ભાર લાદવો એ ઠીક નથી.

કોઈ માણુસ સાથે તમારે ઓળખાણ હોય કે નહિ, પણ સંકટને સમયે તેને સહાયતા કરવાનું ન ભૂલો. પોતાના સંકટને લઇને તે તમારા ભાઇ સમાન છે. પ્રતિષ્ઠાને લીધે ઉત્પન્ન થતું અતડાપણું એ ગર્વનું એક સ્વરૂપ છે. જેને લઇને સંકટ વખતે દુ:ખી માણુસનો એક સહાયક ઓછો થાય છે.

કદિપણ તમારા મનમાં એવો વિચાર ન કરો કે આજે મેં બીજા લોકોને ખૂબ મદદ કરી. છતાં હૃદયમાં ઉંડા ઉતરી જરા તપાસી જોવું કે એ કરતાં વિશેષ મદદ તમે કરી શકત કે નહિ ? તેમજ જરા એટલું પણ વિચારવું કે દુનિયાનો દુ:ખભંડાર ઓછો કરવામાં તમારી મદદ કેટલી બાકી રહી છે ?

જેઓ મહાન નેતાઓના સાચા અનુયાયી હોય છે તેઓ પોતાથી ઓછાં જ્ઞાનવાળાની જેટલું જ આજ્ઞાપાલન કરી શકે છે. કેમકે જે મનુષ્યને આજ્ઞા પાલનની ટેવ નથી હોતી તેઓ બરાબર આજ્ઞા નથી કરી શકતા.

તમારી શીખામણ પ્રમાણે આચરણ કરવાની મનોવૃતિ બીજામાં પેદા કરવાનો સારામાં સારો રસ્તો એ છે કે તમે પોતે એ શીખામણ અનુસાર આચરણ કરો.

તમે એમ ઇચ્છતા હો કે લોકો તમારા હેતુને સારો જ ગણે તો તમારૂં પણ કર્તવ્ય છે કે તમારે બીજાનાં કાર્યો શુભ હેતુ વડે જ પ્રેરિત છે એમ માનવું.

અપમાનનું મૂળ હલકા સ્વભાવમાં છે; ઉન્નતિશીલ સ્વભાવ પર તેની અસર નથી થઇ શકતી. એટલા માટે મનુષ્યનું અપમાન ત્યારે જ થાય છે કે જ્યારે તે પોતાનું ઉચ્ચ પદ છોડીને અપમાન પામવા યોગ્ય નીચાઇએ આવી પહોંચે છે.

બીજા મનુષ્યો સેવા ધર્મ જાણુતા નથી અને તમે તે સારી રીતે જાણો છો એટલા માટે તમે બીજા કરતાં વધારે સારા છો એ વિચાર તમારા મનમાં આવે ત્યારે યાદ રાખો કે જે ક્ષણે તમારા મનમાં એ વિચારો પેદા થાય છે તેજ ક્ષણે તમે સેવા-ધર્મનો ત્યાગ કરો છો.

આપણા જીવનની ઉચ્ચતામાં બીજાને ભાગીદાર બનાવવા એજ સાચી સેવાનું લક્ષણ છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં આપણી જાતને પ્રશંસાપાત્ર દેખાડવા યત્ન કરવો એ સાચી સેવા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાં કહેવું અને પછી કરવું એની અપેક્ષાએ પહેલાં કરી બતાવવું અને પછી કહેવું એ વધારે સારૂં છે. પરંતુ સૌથી સારૂં તો એ કે કાર્ય કરીને મૌન ધારણ કરવું.

મનુષ્ય કેટલી સેવા કરી શકે છે તેનું ખરૂં અનુમાન તેના રાત દિવસના ગૃહજીવનપરથી કરી શકાય છે. તેનાં પુસ્તકો, લોકોમાં તેની પ્રતિષ્ટા, તેનાં સાર્વજનિક ભાષણો અને કાર્યો ઉપરથી સાચું અનુમાન કરી શકાતું નથી. જાહેરમાં મોટાં મોટાં કામો કરવાથી કોઇ માણસ મોટો છે એમ માનવું ભૂલ ભરેલું છે. આત્મ-સંયમનાં નાના-મોટા કાર્યોમાં (જેની કોઇને ગમ પણ નથી પડતી) મનુષ્યની મહત્તા છુપાઇ રહેલી છે.

જે માણુસ પોતાની તમામ શકિતનો વિનિયોગ સેવામાં કરી દેવા ઇચ્છે છે તેને યોગ્ય પ્રસંગે સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે તેણે પોતાનું સર્વસ્વ તજી દેવાની તૈયારી કરી રાખવી જોઈએ.

એક મનુષ્ય તમારી સહાયતા અનેક રીતે ઇચ્છે છે, હવે તમે તેની સારામાં સારી સેવા તેની મનધારી ચીજો આપીને નહિ, પણ એને જે ચીજની જરૂરીયાત હોય તે આપીને કરી શકો છો. આમ કરવાથી તમારી સેવા એક વિશેષ પ્રકારની થઇ જાય છે અને સંભવ છે કે તેને લઈને તે તમારી સાથે નારાજ પણ થઇ જાય. તમારૂં એટલું જ કર્તવ્ય છે કે તમે એની સેવા એવી રીતે કરો કે તે સ્વીકાર્ય જ થઇ પડે.

જે સહાયતાનો પાત્ર એક ખાસ માણસ છે તેને એ સહાયતા આપવાને બદલે બીજાને આપવી તે સાચી સેવા નથી.

જે દિવસનું કામ વધારે સારૂં હોય તે દિવસને તમારા માટે અધિક ઉજ્જવલ ગણો. દુનિયામાં એક પણ એવો માણસ નથી કે જેનામાં કાંઇને કાંઇ ત્રુટિ ન હોય; તે સાથે એવો પણ માણસ મળવો મુશ્કેલ છે કે જે કશું ન આપી શકે, એટલે કે જેનામાં એક પણ ગુણ ન હોય.

જ્યારે તમે કોઇની સેવા કરતા હો ત્યારે તેની નબળાઇઓ જોઇને ચ્હીડાઇ ન જશો. તેની નબળાઇને લઇને જ તમને એની સેવા કરવાનો અવસર મળ્યો છે. તેનામાં ત્રુટિઓ ન હોત તો તમારી સેવાની પણ એને જરૂરીયાત ન રહેત.

જેવી રીતે એક દુ:ખમય પ્રસંગમાં ભાવી સુખનું સ્વપ્ન છુપાઇ રહેલું હોય છે તેવી જ રીતે હૃદયની પ્રત્યેક નબળાઇ એક દિવસ સદ્ગુણોમાં વિલીન થઇ જાય છે. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વર્તમાન સમાચાર.

**જયંતી**—માગશર વદી ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોવાથી તેઓશ્રીની પાદુકાની પ્રતિષ્ઠા કરી દાદાસાહેબમાં દેરીમાં પધરાવેલ છે. ત્યાં આ મહાપુરૂષની ભક્તિ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા ( અમારા ) તરફથી દાદા સાહેબના જિનાલયમાં પૂજા ભણાવવામાં આવી હતી. તથા આંગી રચાવવામાં આવી હતી.

દર વર્ષે થતું સ્વામીવાત્સલ્ય ચાલુ "આઝાદી" ની લડતની સહાનુભૂતિ અર્થે આ વખતે બંધ રાખવામાં આવ્યું હતું.

## અભિનંદન.

શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડલના પ્રમુખ ભાઇ મંગળદાસ નથુભાઈ ખરીદીયા તથા સ્વયંસેવક બંધુ ચીમનલાલ ભાઇલાલ જૈન કોમની સેવા કરતા આગળ વધીને દેશની સેવા કરતાં જેલ ભોગવી હાલમાં છુટીને આવ્યા છે. આ મંડળના સભ્યોની જૈન કોમમાં સેવા જાણીતી છે, તે સેવા કરતાં આગળ પગલું દેશની સેવા કરવા જતાં સરકારના મહેમાન થયા હતા અમો બંને બંધુઓને હાર્દિક અભિનંદન આપીયે છીયે. સમાજની સેવા કરવાના જીજ્ઞાસુઓને આવા દાખલા અનુકરણીય છે.

## સ્વીકાર–સમાલોચના.

**શ્રી કોરટાજી તીર્થકા ઇતિહાસ-સચિત્ર**—સંપાદક વ્યાખ્યાન વાચસ્પતિ મહારાજ શ્રી યતીન્દ્રવિજયજી, પ્રકાશક સાંકળચંદ કીસનાજી તથા જવાનમલ રખવદાસ, હજારીમલ જોરાજી મૂલ્ય સદુપયોગ. આ પ્રાચીન તીર્થનો ઇતિહાસ, ભૂતકાલીન તથા વર્તમાન સ્થિતિની હકીકત સાથે ઘણો જ શ્રમ લઇ લેખક મુનિ મહારાજે લખેલ છે. આ તીર્થમાં ત્રણ પ્રાચીન તથા એક અર્વાચીન જૈન મંદિરો છે. એક મંદિર તો ૨૪૦૦ વર્ષનું પુરાણું છે જેના જુદા જુદા વખતે જીર્ણોદ્ધાર થયા છે વગેરે બધી ઐતિહાસિક હકીકત વાંચતાં જૈનદર્શન માટે ગૌરવ ઉત્પન્ન કરે તેવું છે. આવા તીર્થોના ઇતિહાસો પ્રકટ થતાં તેની આખી સંકલના થતાં જૈન ઇતિહાસકારો ઉપયોગી થતાં જૈન ઐતિહાસિક સાહિત્ય તૈયાર થાય તેવું છે. સમયાનુસાર પ્રાચીન તીર્થોના ઇતિહાસો પ્રગટ કરવા તથા જ્ઞાનભંડારોમાંથી જીર્ણ પુસ્તકો ફરી લખાવવા ને શુદ્ધ કરાવી છપાવવાનો જૈન દર્શન માટે આ સ્યક પ્રસંગ છે. આ લઘુગ્રંથના લેખક મુનિ મહારાજના શ્રમ માટે જૈનકોમે આભાર માનવા જેવું છે. મુનિ મહારાજ મારવાડના જીર્ણ મંદિરો પ્રાચીન તીર્થોની ડીરેકટરી તૈયાર કરવા વધારે શ્રમ લેશે તેમ વિનંતિ કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ સભાની વર્તમાન સ્થિતિ.

ગયા વર્ષમાં સભાએ શું પ્રગતિ કરી તેની ટુંક નોંધ આ નીચે આપીયે છીયે. દર વર્ષે આ રીતે સભાની કાર્યવાહીનું સંક્ષિપ્ત વર્ણન આપવાથી આ સભાના દરેક સભાસદ બંધુઓ, સભા ઉપર પ્રેમ ધરાવનાર ભાઇઓ અને હિતેચ્છુઓ વગેરેને જાણ થતાં હવે પછીના માટે સભાની ઉન્નતિ માટે કાંઇ સલાહ, સૂચના કે વિચાર તેઓશ્રી જણાવી શકે તેવા હેતુથીજ આવી રીતે દર વર્ષે ટુંક નોંધ અપાય છે. વિસ્તાર પૂર્વક તો ધારા પ્રમાણે સભાના છપાતા રીપોર્ટમાં આપવાનું હોય છે.

આ સભાને સ્થાપન થયાં આજે પાંત્રીશ વર્ષ થયાં છે. નિમિત્ત ગુરૂભક્તિ અને આત્મિક કલ્યાણ અને ધાર્મિક સેવા જ છે. તેના ચાલતા ઉદ્દેશ પ્રમાણે સભા કાર્ય કર્યે જાય છે.

**કુલ સભાસદો—**

૧ આ સભાના ચાર વગમાં થઇ ૩) પેટ્રન સાહેબો, ૧૧૦) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૮) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨) ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૫૩) પહેલા વર્ગના વાર્ષિક મેમ્બરો અને ૯) બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો મળી ૪૦૫) કુલ સભાસદો હતાં. ગયા વર્ષમાં કેટલાકનો વધારો, કેટલાક સ્વર્ગવાસ પામ્યા, કેટલાક કમી થયા જેથી ગઇસાલની આખર સુધી ૩૯૬) છે. જેમાં ત્રણ પેટ્રન સાહેબો, ૧૧૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૬) બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨) ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૪૮) પહેલા વર્ગના વાર્ષિક મેમ્બરો, અને ૯ બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો, ભાવનગર અને બહાર ગામના મળીને છે. નવા સભાસદો થાય તેના નામો આત્માનંદ પ્રકાશમાં તરતજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે–આવે છે. આ સભામાં જે જે લાઇફ મેમ્બરોની જે જે ફી ( લવાજમ ) છે તે જ લઇને તે જ વર્ગમાં દાખલ કરવામાં આવે છે, અને લાઇફ મેમ્બરોને ભેટના પુષ્કળ સારા સારા ગ્રંથોનો લાભ અત્યાર સુધી કાંઇ પણ બદલો લીધા સિવાય ધારા પ્રમાણે અપાયો છે–અપાય છે તે તો અમારા માનવંતા સભાસદોને સુવિદિત છે. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો વર્ગ કેટલાક વખતથી કમી થએલ છે.

**લાઇબ્રેરી–ફ્રી વાંચનાલય:—**

આ વાંચનાલયમાં સાત વર્ગો છે. આઠ હજાર વાંચનની ધાર્મિક, નૈતિક, નોવેલ, સંસ્કૃત, ઇંગ્રેજી અને ધાર્મિક આગમો મળી ગ્રંથો છે. લખેલી પ્રતોનો ભંડાર જે ૧૪૦૦)ની સંખ્યામાં છે, તે જુદો છે. તથા ૫૬ ન્યુસપેપરો ડેઇલી, વિકલી, માસિક વગેરે વગેરે સારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારા આવે છે. જૈન અને જૈનેતર ભાઇઓ સારા પ્રમાણમાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે હાલમાં વાચકોની સુગમતા ખાતર તમામ બુકોનું લીસ્ટ છપાવેલ છે. લાઇબ્રેરીની સુવ્યવસ્થા માટે, મીસ ક્રૌઝે, સુબ્રીજ સાહેબ, અને શ્રી ગાયકવાડ સરકારના સેન્ટ્રલ લાઇબ્રેરીના ક્યુરેટર સાહેબ મોતીભાઇ આમીન વગેરે અનેક સંસ્થા અને જાહેર પુરૂષોએ ઉંચા અભિપ્રાય આપેલ છે. આ શહેરમાં તેવી લાઇબ્રેરી બીજી નથી.

સં. ૧૯૮૫ ના આસો વદ ૩૦ સુધીમાં સાત વર્ગોમાં કુલ પુસ્તકો ૭૨૪૩ રૂા. ૧૨૦૨૩–૫–૩ ના હતાં, જેમાં ગઇ સાલની આખર સુધીમાં રૂા. ૩૧૩–૮–૦ ના પુસ્તકો ૨૮૩ નો વધારો થતાં કુલ પુસ્તકો ૭૫૨૬ રૂા. ૧૨૩૩૬–૧૩–૩ ના થયાં છે.

**જ્ઞાનોદ્ધાર ખાતું–સાહિત્ય પ્રકાશન ખાતું—**

ચાર પ્રકારે સાહિત્યવૃદ્ધિ સભા કરે છે. ૧ એક સંસ્કૃત–માગધી ગ્રંથો, ૨ ગુજરાતી ભાષાના ગ્રંથો, ૩ શ્રી કાન્તિવિજયજી ઐતિહાસિક ગ્રંથમાળા, ૪ શ્રી સીરીઝ ખાતું, અને સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારોના ખાસ ઉપયોગ માટેનું.

સભા તરફથી પ્રકટ થતા ગ્રંથો સંસ્કૃત–માગધી હાલ અડધી કિંમતે, ગુજરાતી ગ્રંથો મુદ્દલ કિંમતે, સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણેની કિંમતે મંગાવનારને અપાય છે. સંસ્કૃતના ખપી લાઇફ મેમ્બરો અને પેટ્રન સાહેબો મંગાવે તેને અને ગુજરાતી ભાષાના તથા સીરીઝના ગ્રંથો બધા લાઇફ મેમ્બરોને–વાર્ષિક મેમ્બરોને પોણી કિંમતે ભેટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં શુમારે દોઢસો ગ્રંથો લાઇફ મેમ્બરોને ભેટ અપાયા છે.

ઉપર બતાવેલા ચારે પ્રકારના ગ્રંથો મળી અત્યાર સુધીમાં રૂા. ૧૮૦૦૦) અઢાર હજારના ગ્રંથો, સાધુ સાધ્વી મહારાજ તેમજ અન્ય સંસ્થાઓ, જ્ઞાનભંડારો વગેરેને ભેટ અપાયેલા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધી અપાણા તે રકમ જુદી છે. અમારા ધારવા પ્રમાણે હિંદુસ્તાનની કોઇ પણ સંસ્થાએ આટલો મોટો પ્રચાર અને ભેટનું કાર્ય કરેલ નથી. તે થવાનું કારણ ગુરૂકૃપા છે.

સં. ૧૯૮૫ ની આખર સાલ સુધી સંસ્કૃત–માગધી ૭૯, ગુજરાતી ૬૦ તથા ઇતિહાસિક ૭) મળી કુલ ૧૪૬) ગ્રંથો પ્રગટ થયા હતા. ગઇ સાલની આખર સુધી સંસ્કૃત ૧) શ્રી વસુદેવ હિંડી પ્રથમ ભાગ તથા ગુજરાતી સુકૃતસાગર યાને માંડવગઢનો મંત્રી પેથડકુમાર શ્રી સીરીઝ તરીક શ્રી ચંદ્રપ્રભચરિત્ર મળી વધારો થતાં કુલ ગ્રંથો ૧૪૯) આ સભા તરફથી પ્રકટ થઇ ગયા છે. આ કાર્ય સતત ચાલ્યા કરે છે. સીરીઝનું કાર્ય સભાએ હાથ ધરતાં રૂા. એક હજાર આપનાર બંધુના નામથી ઉત્તરોત્તર ગ્રંથો પ્રકટ થતાં હોવાથી જ્ઞાનોદ્ધાર સાથે આત્મકલ્યાણ પણ થતું હોવાથી તે રીતની રકમો અત્યાર સુધીમાં પંદર ગૃહસ્થો તરફથી મળી છે. અને આવો લાભ દરવર્ષે નવા જૈન બંધુઓ સાહિત્ય પ્રકાશન માટે સભાને તેવી રકમ આપી લાભ લેવા ઉત્સુક બને છે. અનેક ગ્રંથો સીરીઝ તરીકે પ્રગટ થયા છે. સભાને મળતી મદદથી અનેક ઉત્તમોત્તમ ગ્રંથો પ્રસિદ્ધ થતાં હોવાથી અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થો તરફથી તે લાભ સભાને મળે છે. અને સાહિત્ય વૃદ્ધિ થાય છે. અને થોડા વખતમાં સસ્તું જૈન સાહિત્ય અને બહોળો પ્રચાર અલ્પ કિંમતે સભા કરી શકશે તે નિઃસંદેહ વાત છે.

**કેળવણીને ઉત્તેજન**—દરેક વર્ષે રૂા. ૧૫૦) સ્કોલરશીપ તરીકે રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે ત્રણસેંહ રૂપીયા અપાય છે, અવકાશે વિશેષ કાંઇ કરવા સભાની શુભ આકાંક્ષા છે.

**આત્માનંદ પ્રકાશ**—આજે અઠ્ઠાવીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો અને કોઇપણ માસિક દરેક વખતે જે અત્યાર સુધી નથી આપી શકતું તેવા સારા સારા અનેકવિધ સાહિત્ય, ઉત્તમ મોટા ગ્રંથો વધારે ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને દર વર્ષે પંચાંગ સાથે ભેટ આપવામાં આવે છે, આત્માનંદ પ્રકાશ માસિકમાં તેની જાહેરખબર દર વર્ષે અપાય છે. જેથી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોની પણ દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે.

**સ્મારક ફંડો**—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ તથા શ્રીયુત ખોડીદાસ ધરમચંદ નિરાશ્રીત મદદ ફંડ ચાલે છે. જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**શ્રી ઉજમબાઇ કન્યાશાળા**—નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી તેનો વહીવટ મદદ આપવા સાથે કરે છે.

**જયંતીઓ**—પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર જઇ તથા પૂજ્યપાદ ગુરૂવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદી ૬ શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરિજીની આશો શુદ ૧૦ ના રોજ દેવ, ગુરૂભક્તિ, પૂજા, સ્વામીવાત્સલ્ય વગેરેથી દર વર્ષે ઉજવાય છે.

**સભાની વર્ષગાંઠ**—પાંત્રીશ વર્ષથી સભાના મકાનમાં દેવ ગુરૂભક્તિ પૂજા ભણાવવા, સ્વામીવાત્સલ્ય કરવા સાથે ઉજવવામાં આવે છે.

**આનંદમેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપુજન સાથે ટીપાર્ટી સભાસદોને આપવામાં આવે છે.

**જ્ઞાનભક્તિ**—દર વર્ષે જ્ઞાન પંચમીને દિવસે જ્ઞાન પધરાવી ભક્તિ કરવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત તથા નીચેની સભાની લેણદેણ તથા સરવૈયા સંબંધી હકીકત વહીવટી ચોપડામાંથી જોવા માટે ખુલ્લી છે. દરેક સભાસદોએ સભાએ આવી જોઇ જવું.

For Private And Personal Use Only

# સંવત ૧૯૮૬ ના આશો વદી ૦)) સુધીનો રીપોર્ટ.

## શ્રી સભાનું વહીવટ ખાતું.

### શ્રી સભા નિભાવ ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૦૩૩ા– | બાકી દેવા. સં. ૧૯૮૫ આખર | ૯૭૮ા≡ | ખર્ચમાં ખુટતો હવાલો |
| ૪૦૦) | લાઈફ મેંમ્બરો સ્વર્ગવાસ પામતાં ધારા પ્રમાણે લવાજમ જમા કર્યું | ૫૦૧) | બાકી દેવા. |
| ૪૬)= | વ્યાજ | | |
| ૧૪૭૯ા≡ | | ૧૪૭૯ા≡ | |

### સભાસદોની ફી ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૨૮ા≡ | બાકી દેવા ગઈ સાલ આખર સુધી | ૧૨૪૦ાા= | લાઇફમેમ્બરોને માસિક તથા ભેટની બુક મોકલતાં ખર્ચના |
| ૧૫૭ાા | વાર્ષીક મેમ્બરોની ફીના | ૪૫) | મેમ્બરોની ઉઘરાણી ન પતવાથી માંડી વાળી તેના |
| ૧૦૭૧ાા | લાઇફ મેમ્બરોના વ્યાજના | ૧૦૪૪ા | ખર્ચ ખાતાનો હવાલો |
| ૯૭૮ા≡ | સભા નીભાવફંડનો હવાલો | ૨૩૨૯ાા= | |
| | | ૬) | બાકી દેવા |
| ૨૩૩૫ાા= | | ૨૩૩૫ાા= | |

### પહેલા વર્ગના લાઇફમેમ્બર ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૧૦૦૦) | બાકી દેવા | ૨૦૦) | બે સભાસદોનો સ્વર્ગવાસ થતાં નિભાવફંડ ખાતે લઇ ગયા |
| ૩૦૦) | નવા મેંમ્બરો ત્રણ થયા તેના | ૧૧૧૦૦) | બાકી દેવા |
| ૧૧૩૦૦) | | ૧૧૩૦૦) | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બીજા વર્ગના લાઇફ મેમ્બર.

**જ**

| | |
|---|---|
| ૧૦૯૦૧) | બાકી દેવા |
| ૧૫૦) | નવા ત્રણ સભાસદોની ફીના |
| ૧૧૦૫૧) | |

**ઉ**

| | |
|---|---|
| ૨૦૦) | સભાસદો સ્વર્ગવાસ થતાં નિભાવફંડ ખાતે લઇ ગયા |
| ૫૦) | એક સભાસદ પાસે ઉઘરાણી કરવા છતાં ન પતવાથી માંડી વાળ્યા |
| ૨૫૦) | |
| ૧૦૮૦૧) | બાકી દેવા |
| ૧૧૦૫૧) | |

## ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર.

**જ**

| | |
|---|---|
| ૩૦૦) | બાકી દેવા |
| ૩૦૦) | |

**ઉ**

## શ્રી જ્ઞાન ખાતું.

**જ**

| | |
|---|---|
| ૧૦)ાા | બેસતા વર્ષના જ્ઞાનપુજનના |
| ૨૦)ᐟ | પરચુરણ કસર વગેરેના |
| ૯૩ા≈ | આત્મવીર સભાના પુસ્તકોના |
| ૩૭)≡ | આત્માનંદ પ્ર. પુ. ૧ થી ૨૬ ના |
| ૨૨૭)ાા | પુસ્તકો વેચાણમાંથી કે હાંસલના |
| ૭૩ાાા | સંસ્કૃત પુસ્તકોના |
| ૧૫૩ાા | સીરીઝના પુસ્તકોના |
| ૨૨૭)ાા | |
| ૧૧૧૧ાાᐟ | પંચપ્રતિક્રમણના વેચાણમાંથી |
| ૧૧૮૩ાાᐟ | વ્યાજનો વધારો પાંચ વર્ષનો |
| ૫૨૦)≡ | સંસ્કૃત સીરીઝખાતે હતા તેનો હવાલો |
| ૧૩૯ાા | સ્તવન સંગ્રહનો હવાલો |
| ૩૩૪૩) | |
| ૨૭૮૯ાᐟ | બાકી લેણા |
| ૬૧૩૨ાᐟ | |

**ઉ**

| | |
|---|---|
| ૪૩૧૬ાાᐟાા | બાકી લેણા |
| ૧૧૨ાા | વીમાનો ખર્ચ |
| ૩૬) | ભાડું વખારનું |
| ૧૫૭ા≡ાા | માસીક વર્તમાન લાઇબ્રેરી માટે |
| ૨૯૦ાા≈ | લાઇબ્રેરી માટે પુ. ખરીદ કર્યાં |
| ૪૩૦)ᐟાા | પુસ્તકો ભેટ આપ્યા |
| ૯૭ા≈ | પુસ્તકોમાં કમીશન આપ્યું |
| ૧૦૭) | પેપરોમાં જા. ખ. ના |
| ૫૧ાા | સં. ૧૯૮૫,-૮૬, પંચાંગના |
| ૩૪૦)≡ા | આત્મા૦ પ્રકાશ પુ. ૨૭ ની ખોટના |
| ૧૨૫) | ઉજમબાઇ કન્યાશાળાને મદદ |
| ૬૭)≡ાા | પેકીંગને પરચુરણ ખર્ચ |
| ૬૧૩૨ાᐟ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી આત્માનંદ ભવન ( મકાન )

| જ | ઉ |
|---|---|
| | ૧૯૨૬૬ાાા બાકી લેણા |
| | ૧૫૦) વ્યાજ ભાડાના રૂ.૫૦૧ બાદ કરતાં |
| | ૧૫૭ાા≈ રીપેર ખર્ચ |
| | ૧૯૫૭૪ા≈ બાકી લેણા |

## આત્માનંદ પ્ર. પુ૦ ૨૭ મું.

| જ | ઉ |
|---|---|
| ૬૩૭ાાા૦ા લવાજમ | ૬૩૩ાા છપાઇ તથા બાઇન્ડીંગ |
| ૩૭૧ા= મેમ્બરો પાસેથી | ૩૩૬ાાા–ાાા કાગળ |
| ૩૪૦)≡ા ખોટના તે જ્ઞાનખાતે ઉધાર | ૪૦ા–ાાા પરચુરણ ખર્ચ તથા વી.પી. ખર્ચ |
| | ૨૦૯)= પોસ્ટ ખર્ચ |
| | ૧૨૯ાા ભેટની બુકના. |
| ૧૩૪૯ા–ાા | ૧૩૪૯ા–ાા |

## શ્રી સાધારણ ખર્ચ.

| જ | ઉ |
|---|---|
| ૬૯૯)≡ાા પુસ્તકો વેચાણમાંથી રૂ હાંસલ | ૧૨૮)–ા બાકી લેણા |
| | ૧૬૫ા૦ાાા પરચુરણ ખર્ચ |
| | ૨૯૩ા= |
| | ૪૦૫ાા–ાા બાકી દેવા |
| ૬૯૯)≡ાા | ૬૯૯)≡ાા |

## શ્રી ઐતિહાસિક સિરીઝ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૯૫૯ાા≈ા બાકી દેવા | ૧૭ાા≈ા સાધારણ ખાતે રૂ |
| ૭૧ા પુસ્તકો વેચાણા | ૨૦૧૩) બાકી દેવા |
| ૨૦૩૦ાા≈ા | ૨૦૩૦ાા≈ા |

For Private And Personal Use Only

## શ્રીસિદ્ધાચળજી ઉપર શ્રીવિજયાનંદસૂરીશ્વરજી મહારાજની દેરી રીપેર તથા જયંતી ફંડ ( સાધારણ ) ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૨૫૫) | બાકી દેવા | ૧૩ા | ગોઠીને |
| ૫૬ા | વ્યાજ | ૪) | રીપેર કરાવવા ચાંદીનું પત્રું વગેરે ખર્ચના |
| ૧૩૧૧ા | | ૧૭ા | |
| | | ૧૨૯૪) | બાકી દેવા |
| | | ૧૩૧૧ા | |

## શ્રીમુળચંદભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૩૨ા | બાકી દેવા રૂા. ૧૦૦૦) નો બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | ૩૨) | સ્કોલરશીપના આપ્યા |
| ૬૮ાા | વ્યાજ | ૪૬૯) | બાકી દેવા |
| ૫૦૧) | | ૫૦૧) | |

## શ્રીયુત ખોડીદાસભાઈ સ્મારક ફંડ.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૯૦)ન | બાકી દેવા રૂા. ૧૦૦૦) બોન્ડ ટ્રસ્ટીઓ નામે છે તે ઉપરાંત | ૧૦૦) | ખર્ચના ૧૯૮૫–૮૬ બે વર્ષના |
| | | ૧૦૦) | |
| ૫૪ાા≈ | વ્યાજ | ૪૫) | બાકી દેવા |
| ૧૪૫) | | ૧૪૫) | |

## આ સભાનું વર્તમાન નાણાપ્રકરણી ખાતું.

### સં. ૧૯૮૬ ના આસો વદ ૦)) સુધીનું ( સરવૈયું. )

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૮૨૦) | શ્રીજ્ઞાન ખાતે જમે. | ૭૬૪૦ાન્ા | શ્રીજ્ઞાન સંબંધી ખાતાના. |
| ૧૪૦૭૯ાાા≈ | શ્રીસીરીઝના ખાતાના. | ૭૭૫૫ાન્ાા | શ્રીસીરીઝના પુસ્તકોના. |
| ૧૦૦૬૬ાાા≈ાા | શ્રીપુસ્તકો છપાવવાના ખાતાના. | ૮૬૮ાાન્ાા | શ્રીપુસ્તકો છપાવવાના ખાતાના. |
| ૧૧૬ા≈ાા | શ્રીઆત્માનંદ પ્ર. પુ. ૨૮ ખાતે. | ૧૬૫૬ાા૦ાા | શ્રીપરચુરણ ખાતાના. |
| ૩૬૧)ન્ા | શ્રીપરચુરણ પુસ્તકો ખાતે. | ૧૯૮૭૧ાાા≈ | શ્રી મકાન ખાતાના. |

| | |
|---|---|
| ૨૪૨૦૯) | શ્રી મેમ્બર ફી ખાતે. |
| ૪૮૦૦) | શ્રીઆત્માનંદ ભવન મદદફંડખાતે. |
| ૯૬૫૯)ા ા | જયન્તિ સ્મારક તથા ફંડો. |
| ૭૩૩૫ાાા | શ્રી સરાફી ખાતાઓ. |
| ૧૦૯ાા|•ાા | શ્રી પરચુરણ ખાતાઓ. |
| ૭૪૫૫૮)ાા | |
| ૭૪૫૨૮ાા | |
| ૨૯ાાા | ફેર |

| | |
|---|---|
| ૭૫૭૩૩ાાા | શ્રી સરાફી ખાતાના. |
| ૮૭૩)ાાા | શ્રામેમ્બરોના ખાતાના. |
| ૧૨૮ાા | શ્રી પરચુરણ ખાતાઓ. |
| ૦ાાા | શ્રી પુરાંત. |
| ૭૪૫૨૮ાા | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિ વિહારથી થતાં લાભો.

## રામસેન તીર્થની યાત્રા.

ડીસા શહેરથી અંદાજ ૧૦ કોસ ઉપર આવેલા પ્રાચીન તીર્થ શ્રી રામસેનની યાત્રા માટે મહારાજશ્રી હંસવિજયજી તથા પંન્યાસજી શ્રી સંપતવિજયજી આદી સાધુઓએ વિહાર કરી કાર્તક વદી ૨ ના દિવસે પાલણુપુર બહાર સ્થાનકવાસી શેઠના બંગલે ઉતારો લીધો હતો. ત્યાંથી જામપુરા સુધી શ્રાવક શ્રાવિકાના સમુદાયની હાજરી હતી. વદિ ૫ ના દીવસે ચડાખા ગામે પધારતાં પાલણુપુરના વતની ઘણા શ્રાવક શ્રાવીકાઓ પગે ચાલતાં મહારાજશ્રી સાથે અને કેટલાક રેલમાં આવી. પહોચેલ હતા ત્યાં શ્રાવકના પાંચ સાત ઘર છે. પરંતુ દેરાસર ન હોવાથી બોધ મળતાં ઉપાશ્રયમાં પ્રભુની છબીઓ પધરાવી પ્રાયઃ દરેક ઘરવાળા શ્રાવક શ્રાવીકાએ હંમેશાં દર્શન કરવાનો નિયમ લીધો છે, અને એક શ્રાવિકાએ ત્યાં ધર્મશાળા બાંધવા રૂ. ૫૦૦) આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે.

ત્યાંથી ખોલા ગામે આવતાં ત્યાં શ્રાવકના વીસઘરો હોવા છતાં દેરાસર ન હોવાથી દેરાસર કરવાનું મુકરર થતા એક બાઇએ ૧૫૦૦ રૂપૈયા આપવાનું સ્વીકાર કર્યું છે, ત્યાંથી ચંડીસરગામે પધારી શ્રી રૂષભદેવ સ્વામીનું ચૈત્ય જુહાર્યું છે.

## ડીસા શહેરમાં પ્રવેશ.

ચંડીસરથી અનુક્રમે ડીસે પધારતાં ત્યાંના શ્રી સંઘે સામૈયું કર્યું હતું. તે પ્રસંગે પન્યાસ શ્રી કસ્તુરવિજયજી તથા મુનિ શ્રી મંગળવિજયજી શિષ્ય સમુદાય સાથે સામે ગયા હતાં. ત્યાંથી ગીરનારજીની પૂજા ભણાવવામાં આવી ત્યારે મહાન દેરાસર પણ ચિકાર ભરાઇ ગયું હતું. આ ગામમાં પાંજરાપોળ બાબત મહાન ઝઘડો હતો, અને પાંજરાપોળ આફતમાં હતી. પ્રભુના રથના ઠેકાણે બે પક્ષનાં જુદાં જુદાં તાળાં પડયાં હતાં. નોકારશી પણ બંધ હતી, તેથી આખો સંઘ ચિંતાતુર હતો. કારણ કે ઉપધાન માળાનો વરઘોડો શાંતિથી પસાર થશે કે કેમ તે શંકાગ્રસ્ત હતું. પણ પન્યાસ સંપતવિજયજીના પ્રયાસથી સમાધાન થઇ ગયું, તેથી બધો સંઘ ખુશ ખુશ બની ગયો છે ત્યાંથી ડીસા કેમ્પ થઈ મહારાજશ્રીએ રામસેન તરફ વિહાર કર્યો ત્યારે કુવા ઉપરની ધર્મશાળાએ મેજીસ્ટ્રેટ સુખલાલભાઇ તથા ડીસા કાંપના શ્રાવકો હાજર થયા હતા. માગસર શુદી ૧૦ ના દીવસે રામસેનનું પ્રાચીન ચૈત્ય જુહાર્યું હતુ. દહેરાસરમાં ચંદરવા, પુંઠીયા, મુગટ કુંડલ અને ચક્ષુઓનું પણ ઠેકાણું ન હતું, તેથી પાલણુપુર લખી ચંદરવા પુઠીયાં મંગાવ્યાં તથા કરીગરને બોલાવી નવા ચક્ષુ તથા જુનાનો ફેરફાર કરાવી તંબોલ

For Private And Personal Use Only

પાપણો ભ્રકુટીયો સુધરાવી અમદાવાદવાળા હીરાકોર બહેને તથા વિજાપુરી શ્રાવિકાએ મુગટ કુંડલ કરાવી આપવા સ્વીકાર્યું. ગામના કુસંપનું સમાધાન થવાથી નાગફણા ગામના શ્રાવકે પાંચ સાત ગામના લોકોને નોતરી ત્યાં પુજા ભણાવવા પૂર્વક નોકારસી જમાડી હતી. ત્યાંના બાવાના મંદીરમાં એક ધાતુના મોટા કાઉસગીયા હતા, તે કોઇને આપતો નહી પણ મહારાજ શ્રી પાસે બોલાવી તેને સમજાવતાં તે લેવાનું ઠર્યું પણ તેનાથી ડરતા શ્રાવકોએ ઉઠાવવાની હિંમત કરી નહિ, ત્યારે મહારાજ શ્રી, સાધુઓ પાસે ઉપડાવી લાવ્યા અને મૌન એકાદશીના દિવસે જૈન દેરાસરના ભોંયરામાં પધરાવ્યા. આ મૂર્તિની પ્રતિષ્ઠા રામસેનના જૈન રાજા રઘુસેને ૧૦૮૪ ની સાલમાં કરાવેલી છે. આ તીર્થના જીર્ણોદ્ધારની ખાસ જરૂર છે. દેરાસરના અગ્રદ્વાર પાસે કાંટાની વાડ હતી તે કાઢી નખાવી પ્રવેશનો રસ્તો સુગમ કરાવ્યો છે.

## ભીમપલ્લી શ્રી ભીલડીયાજીનો મહાન્ મેળો અને મુનિ મહારાજ શ્રી હંસવિજયજીનો પ્રવેશ.

માગશર વદી ૭ ના દિવસે મુનિમહારાજ શ્રી હંસવિજયજી મહારાજ શ્રી રામસેન તીર્થની યાત્રા કરી પધારતા નોકારસી કરવા આવેલા મારવાડી સદ્ગૃહસ્થોએ તથા અત્રેના રહિશ શ્રાવક વર્ગે તથા ડીસેથી આવેલ લોકોએ મહારાજજીનું સ્વાગત કર્યું હતું. આનંદ પૂર્વક શ્રી ભીલડીઆ પાર્શ્વનાથની યાત્રા કરી તપાસ કરતાં ભોંયરમાં ઉતરવાના પગથીયાની જમણી બાજુએ એક મૂર્તિ તેમના જોવામાં આવી પરંતુ તે મૂર્તિ ઉપર રંગરોગાન કરી અપૂજ્ય બનાવી દિધેલી હતી. તેના નામની પણ માહિતી કોઇ આપી શકતું નહોતું. તેથી તેનો રંગ ઉતરાવી નાખી જોયું તો દુગ્ધ વર્ણી શ્રી ગૌતમ સ્વામીની ભવ્ય મૂર્તિ લેખ ઉપરથી માલુમ પડી. આ મૂર્તિ સંવત્ ૧૩૨૪ માં આચાર્ય શ્રી જિન પ્રબોધ સૂરિજીએ પ્રતિષ્ઠિત કરેલી હોવાથી પૂજનીય બનાવી છે. પોસ દશમીના દીવસે તો પાટણ–પાલનપુર ડીસા કેંપ અને શહેરના લોક ચારે તરફથી હજારોની સંખ્યામાં ઉતરી પડ્યા હતા, બપોર પછી વરઘોડો ચડયો હતો તેમાં મહારાજ શ્રી હંસવિજયજી શિષ્ય પ્રશિષ્ય સહિત તથા પન્યાસ કુમુદ વિજયજી તથા પન્યાસ કસ્તુરવિજયજી તથા વૃદ્ધ મુનિ શ્રી વીરવિજયજી તથા મંગળ મૂર્તિ શ્રી મંગળવિજયજી સહશિષ્ય તથા શ્રીમન્ નેમીસૂરીજીના પ્રશિષ્ય તપસ્વીજી આદિ મુનિ મંડળ સપ્રેમ વરઘોડામાં ચાલતુ હતુ ત્રણ દિવસ સુધી લોકો માટે રસોડું ચાલુ હતું.

તેમજ મારવાડી અને ગુજરાતી બાઇઓ વગેરે શ્રાવિકામંડળ તેજ પરમાણે લાભ લેઇ આનંદ માનતું હતું. દેવદ્રવ્યાદિની ઉપજ સમયોચિત થઇ હતી (મળેલું)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધ્યાનમાં લેશો— સ્થાન બદલ્યું છે.

જૈન સસ્તી વાંચનમાળાની ઑફીસ ભાવનગરથી પાલીતાણા ફેરવવામાં આવેલ છે. જેથી તમામ પત્રવહેવાર પાલીતાણા કરશો.

આ વર્ષનાં અમારા ગ્રાહકોને મોકલવાનાં ચાર પુસ્તકોનું વી૦ પી૦ લવાજમના રૂા ૩) પોસ્ટ ખર્ચના ૦–૧૧–૦ મળી રૂા ૩–૧૧-૦ ના વી૦ પી૦ થી પોસ માસમાં મોકલાશે જે સ્વીકારી લેવા વિનંતી છે. ગ્રાહકોની સગવડ માટે દરેક સંસ્થાના જૈન ધર્મના પુસ્તકોનો સારો સ્ટોક અમારે ત્યાં રહે છે. જેથી સાથે મંગાવનારને ખર્ચમાં ફાયદો થાય છે. વળી હાલમાં કેટલાંક પુસ્તકોની કિંમતમાં સારો ઘટાડો કરેલ છે. મંગાવી ખાત્રી કરશો.

લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા.

પાલીતાણા-( કાઠીયાવાડ )

---

### રાષ્ટ્રીય પ્રવૃત્તિના મહાન ઉત્સવના લાભાર્થે

## ઘટાડેલા ભાવો.

નીચેનાં જૈન પુસ્તકો જેની દરેકની એક ઉપરાંત ઘણી આવૃત્તિઓ થયેલ છે તેજ તેના ઉપયોગીપણાની સાબીતિ છે, જેની દશ દશ હજાર નકલો ખપી ગઇ છે તેજ તેનો પુરાવો છે તો ભુલાશો તો રહી જશો.

| | મૂળ કીંમત | ઘટાડેલા ભાવ |
|---|---|---|
| જૈન સજઝાયમાળા ભાગ ૧–૨–૩–૪ ... ... | ૨–૦–૦ | ૧–૮–૦ |
| કર્મ પરીક્ષા ને દૈવી ચક્રનો ચમત્કાર ... ... | ૨–૦–૦ | ૧–૮–૦ |
| તિર્થંકર ચરિત્ર ( સચિત્ર ) આવૃતિ ૨ જી ... ... | ૨–૮–૦ | ૨–૦–૦ |
| જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો આવૃતિ ૩ જી ... ... | ૧–૮–૦ | ૧–૦–૦ |
| મહિલા મહોદય ભા. ૧–૨ દરેકના ... ... ... | ૨–૦–૦ | ૧–૮–૦ |
| જૈન કાવ્ય સંગ્રહ ભાગ ૭ મો ... ... ... | ૦–૮–૦ | ૦–૬–૦ |
| અમૂલ્ય શિક્ષા ... ... ... ... ... | ૦–૮–૦ | ૦–૪–૦ |
| જૈન સુબોધ ભકિતમાળા આવૃતિ બીજી ... ... | ૦–૫–૦ | ૦–૩–૦ |
| વૈરાગ્ય શતક ભાષાંતર ... ... ... ... | ૧–૮–૦ | ૧–૦–૦ |
| સૂયગડાંગ સૂત્રનું ભાષાંતર ભાગ ૧ લો ... ... | ૧–૮–૦ | ૧–૦–૦ |
| નિત્ય નિયમની પોથી ... ... ... ... | ૦–૩–૦ | ૦–૨–૦ |

ઉપરનાં પુસ્તકો સિવાયનાં દરેક પુસ્તકો જૈન તેમજ જૈનેતર ઘણા જ કીફાયતથી મળશે. વધુ હકીકત સારૂ ટપાલથી લખો જુના અને જાણીતા જૈન બુકસેલર—

બાલાભાઇ છગનલાલ શાહ.—ઠે૦ ફીકાભટ્ટની પોળ, મુ૦ અમદાવાદ.

For Private And Personal Use Only

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭ [illegible] મ સં. [illegible]. અંક ૬ ઠ્ઠો.

## જૈન ધર્મનો [illegible]જય.

"આપણો આ રાષ્ટ્ર ધર્મ વિશાળ [illegible] ભૂત ધર્મ અથવા આધ્યાત્મિક ધર્મ સાથે સુસંગત છે. પાતિવ્રત્યમાં પર[illegible] દ્વેષ નથી, ઈષ્ટ દેવની ભક્તિમાં અન્ય દેવનો તિરસ્કાર નથી, તેમ સાચા [illegible] ધર્મમાં પર રાષ્ટ્ર પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર નથી રહ્યો. પોતાના કુટુંબનું ન્યા[illegible] રીતે ધારણ પોષણ અને સત્વ સંશુદ્ધિ થઇ શકે તે માટે તેના નિયંતા બનવું એ ખરો કુટુંબ ધર્મ છે તેવીજ રીતે રાષ્ટ્રના ધારણ પોષણ અને સત્વ સંશુદ્ધિ ન્યાય્ય રીતે શકય બને તે સારૂ રાષ્ટ્રને માટે સ્વરાજ્ય મેળવવું તે ખરો રાષ્ટ્ર ધર્મ છે. આમાં પર રાષ્ટ્રનું રાજ્ય પચાવી પાડવાની અધર્મ યુક્ત વાત નથી. અલબત્ત, આપણા રાષ્ટ્રને પર રાજ્યની ધુંસરીમાંથી મુક્ત કરવાના પ્રયત્નમાં પર રાજ્યને દેખીતી હાનિ લાગવાનો સંભવ છે. પરંતુ આપણાં રા[illegible]નો જે માર્ગ ગ્રહણ કર્યો તે ધર્મ યુક્ત હોવાથી તે હાનિ આપણને [illegible] નથી. રાષ્ટ્રે મુક્તિનો માર્ગ અહિંસાનો ગ્રહણ કર્યો છે. કોઇ પણ [illegible] સરખો વાંકો કર્યા વિના, તેને ગાળ સરખી દીધા વિના, મનથી પ[illegible] ઇચ્છયા વિના માત્ર શાંત પણ જ્વલંત સત્યાગ્રહથી સ્વરાજ્ય મેળ[illegible] દાવો છે. આ પ્રકારનું પ્રજા પ્રજા વચ્ચેનું યુદ્ધ જગતના ઇતિહાસમ[illegible] આ યુદ્ધનો પ્રણેતા હિંદનો બલ્કે જગતનો સર્વ [illegible] સન્ત પુરૂષ છે. [illegible] યુક્ત હિંસક યુદ્ધને પણ ધર્મ યુદ્ધ કહેવાનો પ્રચાર છે. તો આતો એથીય વિશેષ ન્યાય યુક્ત અહિંસક યુદ્ધ છે અને તેથી તે સાચેજ ધર્મ યુદ્ધ છે. તેમાં સાધ્ય તેમજ સાધન બન્ને ધર્મ યુક્ત છે. આ શુદ્ધ ધર્મ યુદ્ધના વિજયમાં જૈન ધર્મનો પણ વિજય રહેલો છે. કેમકે બન્નેનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે; જૈનો પોતાના સાચા અહિંસા ધર્મને ઓળખે અને આ ધર્મ યુદ્ધનું રહસ્ય સમજે તો તેઓ દેશને તારે અને પોતાના ધર્મનો દિગ્વિજય કરાવે."

શ્રી ચંદુલાલ કાશીરામ દવે.